યાકિની-મહત્તરાસૂનુ - સમર્થશાસ્ત્રકાર સૂરિપુરંદર
શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત

શ્રી ષોડશક - પ્રકરણ

(સટીક ભાવાનુવાદ)



- સદ્ધર્મપરીક્ષા
- સદ્ધર્મદેશના
- સદ્ધર્મલક્ષણ
- સદ્ધર્મસિદ્ધિલિંગ
- લોકોત્તરતત્ત્વસંપ્રાપ્તિ
- જિનભવનવિધાન
- જિનબિંબવિધાન
- જિનબિંબપ્રતિષ્ઠા
- જિનપૂજાસ્વરૂપ
- સદનુષ્ઠાન
- સજ્જ્ઞાનાધિકાર
- દીક્ષાધિકારી
- સાધુસચ્ચેષ્ટાધિકાર
- સાલમ્બનયોગાધિકાર
- ધ્યેયસ્વરૂપાધિકાર
- સમરસાપત્તિ

ભાવાનુવાદક
સિદ્ધાંતસંરક્ષક અપ્રમત્તજ્ઞાનોપાસક ધર્મતીર્થપ્રભાવક
પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્
વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મ.સા.

॥ પૂજ્યપાદ આ.ભ.શ્રી વિજય દાન-પ્રેમ-રામચન્દ્રસૂરીશ્વરસદ્‌ગુરુભ્યો નમઃ ॥
॥ સમતાનિધિ પૂ.પં. શ્રી પદ્મવિજયજીગણિવર-સદ્‌ગુરુભ્યો નમઃ ॥

ષોડશક પ્રકરણ

સટીક

ભાવાનુવાદ સહિત

ટીકાકાર

પૂ. આ. દેવ શ્રીમદ્ યશોભદ્રસૂરીશ્વરજી મહારાજ

તથા

પૂજ્ય મહોપાધ્યાયશ્રી યશોવિજયજી ગણિવર

ભાવાનુવાદકર્તા

અખંડબાલબ્રહ્મચારી, ધર્મતીર્થપ્રભાવક, સિદ્ધાંતસંરક્ષક,
અધ્યાત્મબિંદુ, ચારિત્રમનોરથમાળા ગ્રંથના ટીકાકાર

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય

મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા

સંપાદક

પૂજ્ય ગણિવર્યશ્રી ભવ્યદર્શનવિજયજી

પ્રકાશક

પૂ.પં.શ્રી પદ્મવિજયજીગણિવર જૈન ગ્રંથમાળા ટ્રસ્ટ, અમદાવાદ

સુકૃતના સહભાગી

આ ગ્રંથ પ્રકાશનનો સંપૂર્ણ લાભ
"શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ આરાધક ટ્રસ્ટ,
શ્રી પુખરાજ રાયચંદ આરાધના ભવન,
સત્યનારાયણ સોસાયટી, સાબરમતી, અમદાવાદે"
લીધો છે પ્રકાશક ટ્રસ્ટ તેઓશ્રીનો આભાર માને છે.

પ્રકાશક

પૂ.પં.શ્રી પદ્મવિજયજી ગણિવર જૈન ગ્રંથમાળા ટ્રસ્ટ
૫, વિવેક ડુપ્લેક્ષ, દશાપોરવાડ સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

પ્રકાશન સમય

સંવત - ૨૦૬૧ ચૈત્ર વદ - ૮, રવિવાર, તા. : ૧ - ૫ - ૦૫
(પૂ. શ્રી ગણિવર ભવ્યદર્શન વિજયજી મ. સા. નો પંન્યાસપદપ્રદાન દિન)

પ્રથમ આવૃત્તિ :- ૫૦૦ નકલ

ગ્રંથમાળાનાં સંપર્કસૂત્રો

૧. પૂ. પં. શ્રી પદ્મવિજયજી ગણિવર જૈન ગ્રંથમાળા ટ્રસ્ટ
૫, વિવેક ડુપ્લેક્ષ, દશાપોરવાડ સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. (ગુજરાત)

૨. સરસ્વતી પુસ્તક ભંડાર - હાથીખાના, રતનપોળ, અમદાવાાદ - ૧.

૩. અશોકકુમાર હિંમતલાલ શાહ - એચ. એ. માર્કેટ, કપાસિયા બજાર, અમદાવાદ-૧.
ફોન નં. : ૨૨૧૭૪૫૫૭ (R) ૨૬૬૧૨૫૦૭ (M) ૯૮૨૫૩૨૮૮૭૨

૪. દીપકકુમાર શશિકાંતભાઇ ઝવેરી - મુંબઇ. - વાલકેશ્વર
ફોન નં. : (R) ૨૩૬૪૮૩૭૮/૯ (O.) ૨૩૮૬૫૬૦૩ (M) ૯૮૨૦૨૦૦૦૧૬

૫. વસંતકુમાર ધરમચંદજી જૈન - મુંબઇ. ફોન નં. (R) ૨૩૭૨૯૫૧૦ (O)૨૨૪૧૨૫૯૪

૬. જ્યોતીન્દ્રભાઇ જે. શાહ - અમદાવાદ. (R) ૨૬૬૪૦૬૨૬ (M) ૯૮૨૪૨૫૨૯૭૮

સંપાદકીય.....

અનંત ઉપકારી, કરુણા સાગર શ્રી જિનેશ્વરદેવો ભવ્ય જીવો ઉપર ઉપકાર કરવા માટે તીર્થની સ્થાપના કરે છે. તે પ્રભુ પાસે ત્રિપદી પામી ગણધર ભગવંતો દ્વાદશાંગીની રચના કરે છે. આ દ્વાદશાંગીમાં સમગ્ર વિશ્વનું અણમોલ તત્ત્વજ્ઞાન સમાયેલું હોય છે. એ ગ્રંથોના આધારે વિશ્વના જીવોને ધ્યાનમાં રાખી તે તે સમયે થયેલા જ્ઞાની મહાપુરુષો તે દ્વાદશાંગીના પદાર્થોને સ્પષ્ટ કરવા નવા નવા ગ્રંથોની રચના કરે છે.

જે સમયે છેલ્લા બચેલા એક પૂર્વનું જ્ઞાન પણ નષ્ટ થવાની અણી ઉપર હતું ત્યારે, બ્રાહ્મણ કુળમાં જન્મેલા અને એક જૈન સાધ્વીજીના મુખે સ્વાધ્યાય સ્વરૂપે ઉચ્ચારાતા **चक्कीदुगं हरिपणगं.....** શ્લોકનું શ્રવણ થતાં જેમના અભિમાનનો નશો ઊતરી ગયો હતો એવા હરિભદ્રબ્રાહ્મણમાંથી **પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ** બનેલા એ પ્રકાંડ વિદ્વાન, પ્રચંડ પ્રતિભાશાળી, દૃઢ શ્રદ્ધાવંત, આગમોના તલસ્પર્શી જ્ઞાતા, ન્યાય વિશારદ પૂજ્યશ્રીએ ગણધર ભગવંતના રચેલા દ્વાદશાંગ આગમ ગ્રંથોને આધારે ૧૪૪૪ ગ્રંથોની રચના કરી, જ્ઞાન વધારવા પૂર્વક જૈન શાસનની સુંદર સેવા બજાવી છે. એમાંનો જ આ ષોડશક ગ્રંથ મોક્ષમાર્ગનો ભોમિયો છે. કારણ, ધર્મની પરીક્ષાથી શરૂ કરી મોક્ષ સુધીનું તબક્કાવાર નિરૂપણ તેઓશ્રીએ આ ગ્રંથમાં કર્યું છે. તેઓશ્રીએ રચેલા દરેક ગ્રંથોની મુખ્ય મૌલિકતા એ જોવા મળે છે કે ગ્રંથના છેલ્લા પ્રકરણમાં અલગ અલગ રીતે અનેક દૃષ્ટિકોણથી વૈવિધ્ય સભર મુક્તિનું અને સિદ્ધ સ્વરૂપનું વર્ણન કર્યું છે.

મારા ભવોદધિતારક પૂજ્ય ગુરુદેવ ધર્મતીર્થપ્રભાવક આચાર્યદેવ **શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાએ** મુંબઈ - શ્રીપાળનગરના વિ. સં. ૨૦૪૬ના ચાતુર્માસમાં અને શેષકાળમાં કેટલાક તત્ત્વજિજ્ઞાસુ, જ્ઞાનપિપાસુ યુવાનોની ભૂખ સંતોષવા કેટલાક ગ્રંથોની વાચના આપી હતી. તે સમયે પૂજ્ય ગુરુદેવનું સ્વાસ્થ્ય અત્યંત નાજુક હતું. બંન્ને હાથ અને બંન્ને પગ બિલકુલ કામ આપી શકતા ન હતા. માથાથી નીચેના શરીરનો સંપૂર્ણ ભાગ કાર્ય કરી શકતો ન હતો. શરીરમાં બળતરા સાથેનો દુખાવો સતત રહેતો હતો. છાતી દોરડાથી મજબૂત બાંધી હોય એવી ભિંસાતી હતી. આવી ભયંકર બીમારીમાં પણ જ્ઞાન - સ્વાધ્યાયનો રસ, ઉપકાર બુદ્ધિ અને જિજ્ઞાસુને સંતોષ આપવાનો ભાવ હોવાથી વ્યાખ્યાન આદિ ઉપરાંત સાધુ, શ્રાવકને વાચના પ્રદાન કરવાનું તેઓએ અવિરત ચાલું રાખ્યું હતું. ગુરુભગવંતોની કૃપા અને જ્ઞાન-સ્વાધ્યાયના બળથી તેઓશ્રી, પૂર્વના ભયંકર કર્મોના ઉદય વચ્ચે અપૂર્વ સમતા

અને સમાધિ રાખનાર સત્ત્વશાળી મહાપુરુષોની યાદ અપાવતા હતા. ચૌદ ચૌદ વર્ષની આવી ભયંકર વેદના અને બીમારી વચ્ચે પણ તેઓશ્રીએ છેલ્લા શ્વાસ સુધી સ્વાધ્યાય છોડ્યો ન હતો.

એ વાચના દરમ્યાન કેટલાક ભાવિકોની માંગણી થવાથી અને ભવ્ય જીવોને મોક્ષ - માર્ગમાં સુંદર આલંબનભૂત હોવાથી તેઓશ્રીએ આ ગ્રંથ ઉપરની **પૂ. આ. શ્રી યશોભદ્રસૂરીશ્વરજી મહારાજે** રચેલ તથા **પૂ. મહોપાધ્યાયશ્રી યશોવિજયજી ગણિવરે** રચેલ એમ બંને ટીકાનો; બાળ જીવોને ઉપકારક અને ઉપયોગી બને તેવો ભાવાનુવાદ કર્યો અને હમ્ને હમ્ને **'ધર્મદૂત માસિક'**ના માધ્યમથી પ્રગટ થતો ગયો. સંપૂર્ણ ગ્રંથના ભાવાનુવાદ પ્રગટ થયા બાદ એને પુસ્તક સ્વરૂપે પ્રગટ કરવા ઘણા ભાવિકોની વિનંતિ હતી. એ વિનંતિને ધ્યાનમાં લઈ આ ષોડશક ગ્રંથ મૂળ, બંને ટીકા અને બંને ટીકાનો સારગ્રાહી ભાવનુવાદ પ્રગટ કરવાના ઉદ્દેશથી એ કાર્યનો પ્રારંભ પૂજ્યપાદ ગુરુદેવની હાજરીમાં જ થયો હતો. પહેલું પ્રૂફ પણ તેઓશ્રીએ તપાસ્યું હતું. ત્યારબાદ અચાનક મધુપ્રમેહની, પેશાબની તકલીફ ઊભી થઈ. એના પછી બરાબર બે મહિને એકાએક હૃદયનો તીવ્ર હુમલો આવ્યો અને ૨૪ કલાકમાં અપૂર્વ સમાધિ સાથે સ્વર્ગલોક તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રીના અધૂરા કાર્યને પૂર્ણ કરવાની જવાબદારી મારા શિરે આવી પરંતુ એ તારક ગુરુદેવના દિવ્યઆશિષથી આ કાર્ય સંગીન રીતે પાર પાડી શક્યો. આ સિવાય સમરાદિત્ય ચરિત્ર ભાગ-૨ વગેરેનું પણ અધૂરુ રહેલું કાર્ય પૂર્ણ કરવાની ભાવના રાખું છું. પૂજ્ય ગુરુદેવ જ્ઞાન - સ્વાધ્યાય માટે વારંવાર પ્રેરણા કરતા..... એ પ્રેરણા ઝીલી હાલ ૪૫ આગમના વાંચનનું કાર્યપણ સારી રીતે ચાલી રહ્યું છે. એ પણ તેઓશ્રીની કૃપાનું જ પરિણામ માનું છું.

આ ગ્રંથ ઉપર પ્રસ્તાવના લખી આપવા માટે મેં સહૃદયી **મુનિરાજશ્રી વૈરાગ્યરતિ વિજયજી**ને વાત કરી. તેમણે ગ્રંથના ગૌરવને વધારનારી સુંદર અને વિસ્તૃત પ્રસ્તાવના લખી આપી. અનેક કાર્યોની વ્યસ્તતા, વધતી ઉંમર વગેરે અનેક પ્રતિકૂળતાઓ વચ્ચે કાળજી પૂર્વક છેલ્લું પ્રુફ જોઈ આપવાની ઉદારતા દાખવનાર **સુશ્રાવક સુબોધભાઇને** કેમ ભૂલી શકું ?

આ ગ્રંથનો અભ્યાસ કરી ભાવિકો એને હૃદયમાં અને જીવનમાં ઉતારી, ગ્રંથના ભાવોને આત્મામાં ભરી ભવવિરહને (મોક્ષને) નજીક, અત્યંત નજીક બનાવે, એ જ મંગલ કામના.

૨૦૬૧, શ્રાવણ સુદ-૧
સાબરમતી, અમદાવાદ-૫

પં. ભવ્યદર્શનવિજય ગણી

प्रास्ताविकम्.....

// ॐ ऐँ सरस्वत्यै नमः //

श्री आचारांगमां सूत्र छे, **"अट्टे लोए"..... *लोक दुःखी छे.***

आपणे दुःखी छीओ. आपणां दुःखनुं कारण आपणे सरजेलो संसार छे. आपणा संसारनुं कारण आपणां कर्म छे. आपणां कर्मनुं कारण आपणा राग-द्वेष छे. आपणां दुःखनुं मूळभूत कारण आपणा राग-द्वेष छे. आपणी दरेक प्रवृत्ति, आपणी दरेक लागणी, आपणा दरेक विचार पर रागद्वेषनी घेरी असर छे. छतां आपणे आपणा राग-द्वेषने ओळखी शकता नथी. आपणे राग-द्वेषनो अनुभव करीओ छीओ पण राग-द्वेषने ओळखता नथी. मीठाई खाधी, ओ भावी, तेनो स्वाद गम्यो ओ रागनो अनुभव थयो, पण मीठाई खाती वखते रागना अनुभवनी ओळख नथी थती. ओ ख्याल नथी आवतो के मने मीठाई भावी ते राग थयो. तेवुं ज द्वेषनुं छे. (मारुं धार्युं न थयुं) मने कारेलां न भाव्यां, तेनो स्वाद न गम्यो ओ अनुभूति थई, पण अणगमो थयो ते ख्याल न आव्यो.

आपणा राग-द्वेष आपणने बेहोश बनावे छे. शरीर कापतां पहेलां डोक्टर एनेस्थेसिया आपे तेम राग-द्वेष पोतानी ओळख छूपी रहे ते माटे ईन्द्रियोमां उत्तेजना सर्जीने आपणने बेहोश बनावी दे छे.

आपणे जो आपणा राग-द्वेषने ओळखी शकीओ तो (बेहोशनी कारणे) आपणां दुःखोने बहु ज आसानीथी दूर करी शकीओ. आपणा राग-द्वेषनी ओळख ज आपणी दुःख मुक्तिनो उपाय छे.

शी रीते ओळखवा आ राग-द्वेषने ?.....

आपणा राग-द्वेषनी त्रण खासियतो छे.

एक, राग अने द्वेष हंमेशा साथे ज होय छे.

बे, राग अने द्वेष संक्लेश करावे छे.

त्रण, राग अने द्वेष पोताना संस्कारने जन्म आपे छे.

दरेक खासियतोने समजीओ.

साधारण रीते सहुनी धारणा एवी छे के ज्यारे राग होय त्यारे द्वेष नथी होतो. ज्यारे द्वेष होय त्यारे राग नथी होतो. आ अधूरी धारणा छे. आपणे क्यारेय एकलो राग नथी करता. एकलो द्वेष नथी करता. आपणे हंमेशा राग-द्वेष करीओ छीओ. कोई पदार्थनो राग तेना प्रतिपक्षी पदार्थना द्वेष वगर संभवतो नथी, टकतो पण नथी. ते ज रीते पदार्थनो द्वेष तेना प्रतिपक्षी पदार्थना राग विना संभवतो नथी, टकतो पण नथी.

पहेली खासियत :- संसारना सुखनो राग हशे तो आत्माना सुखनो द्वेष छे ज. अनुकूळतानो राग छे तो प्रतिकूळतानो द्वेष छे ज. अविरतिमां आनंद आवे छे. तो विरतिमां उद्वेग थवानो ज.

सिक्कानी बे बाजुनी जेम राग-द्वेष साथे ज होय छे. राग वधे छे ते साथे द्वेष वधतो ज होय छे. द्वेष वधे तो साथे राग पोषातो ज होय छे.

बीजी खासियत : संक्लेश. राग-द्वेषनो आधार आत्मा छे. माध्यम मन छे तो आलंबन-पात्र के पदार्थ, आलंबन विना राग-द्वेष थवा अशक्य छे. बाह्य जगतना आलंबन साथे ज्यारे भावनात्मक संबंध जोडाय त्यारे ज राग-द्वेष थाय. आ भावनात्मक संबंधो बांधवा ते पदार्थोमां

સુખની કલ્પના કરવી પડે. તે માટે તેને પરવશ બનવું પડે. તેની ઇચ્છા કરવી પડે. કલ્પનાનુસાર પરિસ્થિતિને ઢાળવાનો પ્રયત્ન કરવો પડે. આ બધા જ 'સંક્લેશ' છે. જે રાગ-દ્વેષની બાયપ્રોડક્ટ જેવા છે. પહેલાં જણાવી તે બેહોશી એ રાગ-દ્વેષની મેઈન પ્રોડક્ટ છે.

ત્રીજી અને મહત્ત્વની ખાસિયત છે સંસ્કારોને જન્મ આપવો. રાગ કે દ્વેષ આમ તો ઉત્તેજના શાંત થતાં વ્યક્તરૂપે શમી જાય છે પણ ઉત્તેજના દરમ્યાન થયેલા રાગ-દ્વેષ જે સંસ્કારોને જન્મ આપે છે તે લાંબા સમય સુધી ટકે છે અને સતત પુનરાવર્તન કરાવે છે. સંસ્કારો, રાગ-દ્વેષને આદત બનાવી દે છે. આદત વ્યસન બની જાય છે. વ્યસન પરવશતા સર્જે છે. પરવશતા સર્જે છે દુઃખ. ચાનો સ્વાદ ક્ષણિક રાગ છે. ચાના સ્વાદનો સંસ્કાર ફરી ચાની તલપ જગાડે છે. તલપ ચાની આદત પાડે. આદતથી ચાનું વ્યસન લાગું પડે છે. પછી ચા ન મળે તો માથું દુઃખે છે. રાગ-દ્વેષ જ્યારે આદતના સ્તરે પહોંચે ત્યારે તેનાં મૂળ ખૂબ ઊંડે જતાં રહે છે. તેને ઉખેડવાં બહુ જ મુશ્કેલ બને છે. આદત બનેલા રાગ-દ્વેષની પરિભાષા પણ બદલાઇ જાય.

જે વસ્તુ ન મળે ને ન ગમે તે વસ્તુના આપણે રાગી છીએ તેમ કહેવાય.

જે વસ્તુ ન મળે ને આપણને ગમે તે વસ્તુના આપણે દ્વેષી છીએ એમ કહેવાય.

આદતના સ્તર પર રાગ-દ્વેષનો વ્યાપ વિસ્તરે છે. તેની વ્યાખ્યાપણ નકારાત્મક બની જાય છે.

આત્માને રાગ-દ્વેષ કરવા વિષયોનું આલંબન જરૂરી છે. તો એ વિષયો સાથે સંબંધો જોડવા મન-વચન-કાયાના માધ્યમની ખૂબ જ જરૂર છે. આપણા મન-વચન-કાયા કેરિયર બને તો જ રાગ-દ્વેષ થઇ શકે. મન-વચન-કાયા જગત અને જીવ વચ્ચેનો સેતુ છે. આ સેતુ ઉપર રાગ-દ્વેષનું વર્ચસ્વ છે. જો મન-વચન-કાયા પરથી આ વર્ચસ્વ તૂટે તો આત્મા પરથી રાગ-દ્વેષની પકડ આપોઆપ ઢીલી પડે.

આપણા મન-વચન-કાયા હાલ રાગ-દ્વેષના બંધનમાં છે. તેને કારણે જ કર્મ બંધાય છે અને પરિણામે દુઃખ આવે છે. મન વચન-કાયા રાગ-દ્વેષનાં બંધનોમાંથી મુક્ત બને તે માટે તેને સંસારને બદલે મોક્ષનું આલંબન આપવું તેનું નામ ધર્મ છે.

ખૂબ જ અટપટા, ગૂઢ અને સૂક્ષ્મ લાગતા આ ગણિતોને આચાર્યભગવંત શ્રી હરિભદ્રસૂરિજી મહારાજાએ બહુ જ આસાન શબ્દોમાં સૂત્રિત કર્યું છે.

'મુક્ખેણ જોયણાઓ જોગો સવ્વો વિ ધમ્મવાવારો'

આત્માને મોક્ષ સાથે જોડી આપતો તમામ ધર્મવ્યાપાર એ યોગ છે. આ ધર્મવ્યાપાર મન-વચન-કાયાની પ્રવૃત્તિ સ્વરૂપ છે.

આત્માને રાગ-દ્વેષથી મુક્ત કરવા જે સૂત્રો આગમગ્રંથોમાં ઉપલબ્ધ હતાં, તેને જીવનમાં અક્ષરશઃ ઉતારીને આચાર્યભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ અનુભૂતિનું સત્ય પ્રાપ્ત કર્યું, આ સત્ય સાથે કરુણાભાવનું મિશ્રણ થતાં જે નવસર્જન થયું તે યોગગ્રંથોના સ્વરૂપે આપણી સમક્ષ છે.

સર્જનક્ષેત્રે પૂજ્યશ્રીનું પ્રદાન દરેક ક્ષેત્રમાં છે. છતાં તેમના ખેડાણમાં બે વિશિષ્ટ ક્ષેત્રો છે. (૧) દર્શન (૨) યોગ

દર્શનશાસ્ત્રોનું અવગાહન કરવા બુદ્ધિક્ષમતા અપેક્ષિત છે.તો યોગશાસ્ત્રોનું અવગાહન કરવા સંવેદનક્ષમતા અપેક્ષિત છે.દર્શન-શાસ્ત્રોનો પાયો વિચાર છે તો યોગશાસ્ત્રોનો પાયો 'અનુભવ' છે. બુદ્ધિક્ષમતાથી દાર્શનિક ક્ષેત્રે નિષ્ણાત બનાય. દલીલો અને તર્કોના જાદુગર બની શકાય પણ આત્મતત્ત્વનો અનુભવ ન થઇ શકે. હા, આત્મતત્ત્વનો નિર્ણય કરવામાં દર્શનશાસ્ત્ર ઉપકારક બને પણ તેના અનુભવ માટે તો યોગશાસ્ત્ર જ ઉપાય છે. આચાર્યભગવાન્-શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા

અનુભૂતિના આચાર્ય છે. તેઓ એક સ્થળે ટાંકે છે -

वादाँश्च प्रतिवादाँश्च, वदन्तोऽनिश्चितान् यथा ।
तत्त्वान्तं नैव गच्छन्ति, तिलपीलकवद् गतौ ॥

કેવળ તનુ-નયમાં અટવાયા કરતા શુષ્ક દાર્શનિકો ફરે છે ઘણું પણ પ્રગતિ જરાય કરતા નથી. આચાર્યશ્રી તેમને ઘાણીના બળદ કહે છે.

દિગ્ગજ ગણાતા દાર્શનિકો પણ સંવેદન ક્ષમતાના અભાવે આત્મ - અનુભૂતિથી વંચિત રહી જતા હોય છે. પૂજ્યશ્રી દાર્શનિકક્ષેત્રમાં શિરમોર રહ્યા જ છે. અનુભૂતિના ક્ષેત્રમાં પણ શિરમોર બની રહ્યા. ષોડશક, વિંશતિવિંશિકા, યોગશતક, યોગબિંદુ, યોગદૃષ્ટિ સમુચ્ચય, લલિતવિસ્તરા, બ્રહ્મપ્રકરણ વગેરે પૂજ્યશ્રીએ રચેલા યોગગ્રંથો છે. સાધારણતયા ષોડશકને યોગગ્રંથ ન ગણતાં પ્રકરણગ્રંથ ગણે છે. હકીકતમાં ષોડશક તો પ્રારંભિક-પ્રાથમિક-યોગગ્રંથ છે. પૂજ્યપાદશ્રીના તમામ યોગગ્રંથોને સમજવા ષોડશકગ્રંથ ભણવો જ પડે. પૂ.ઉપા.શ્રી યશોવિજયજી મહારાજે ષોડશક પર ટીકા રચી છે. તેનું નામ **"योगदीपिका"** છે. પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ, પૂજ્ય હરિભદ્ર સૂ.મ.ના ભાવબોધની ખૂબ નિકટ છે. તેમણે ષોડશકને યોગગ્રંથનું મહત્ત્વ આપ્યું છે.

સોળ આર્યાનું એક પ્રકરણ, એવાં સોળ પ્રકરણ આ ગ્રંથમાં છે. તેથી આ ગ્રંથ ષોડશકના નામે પ્રચલિત છે. સોળ અધિકારમાં આત્મ-વિકાસના આગમિક અને આનુભૂતિક વિકાસક્રમને આ ગ્રંથમાં ઘણી સહેલાઈથી નિરૂપ્યો છે.

ધર્મ એમ ને એમ મળતો નથી. ધર્મ શોધવો પડે છે. ધર્મને ઓળખતાં પહેલાં અધર્મને ઓળખવો પડે છે. ધર્મને નામે ચાલતા અધર્મને ઓળખવો પડે છે. ધર્મનું લક્ષ્ય રાગ-દ્વેષનો હોય છે. જેને ધર્મ પામાવાની ઈચ્છા છે તે તેને મળેલા ધર્મને ચકાસશે કે તે રાગ-દ્વેષનો ક્ષય કરવા સક્ષમ છે કે નહીં ? અહીં પરીક્ષાને અવકાશ છે. ધર્માર્થી જન પરીક્ષક હોય એ જરૂરી છે. આ પૂજ્ય આચાર્યશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાનો અભિમત છે. માટે જ ષોડશકગ્રંથની શરૂઆત ધર્મપરીક્ષક અધિકારથી થાય છે.

લલિત વિસ્તરા વગેરે સૂત્રોમાં પૂજ્યશ્રીએ અપુનર્બંધક જીવોને ધર્મના અધિકારી કહ્યા છે. ષોડશકમાં ધર્મની પરીક્ષા કરવા આવનારા જીવોની ત્રણ કક્ષા દર્શાવવામાં આવી છે. બાલ, મધ્યમ અને પંડિત. જેની દ્રષ્ટિ વેશ સુધી જ જાય તે બાલ, વર્તન સુધી પહોંચે તે મધ્યમ, વચનોની પરીક્ષા કરે તે પંડિત. ધર્મની પ્રાપ્તિની બાબતમાં બાહ્ય વેષ અકિંચિત્કર છે. ચારિત્રમાર્ગ પણ અંતરના પરિણામ શુદ્ધ હોય તો ધર્મ બને છે. જે ચારિત્ર સાથે આંતરિકદોષો (પરદોષદર્શન-હીનગુણદ્વેષ, આત્મશ્લાઘાની ઈચ્છા વગેરે) દૂર કરવાના પ્રયત્ન જ ન હોય અને બાહ્યદોષોના ત્યાગનો અતિ આગ્રહ હોય તે ચારિત્ર-પરિશુદ્ધ નથી. નિંદા અપરિશુદ્ધ ચારિત્રથી જન્મતો બીજો દોષ છે. આમ તાત્ત્વિક કોટિના ધર્મની પ્રાપ્તિ બાલદ્રષ્ટિ અને મધ્યમદ્રષ્ટિ દ્વારા કરવી પ્રાયઃ અસંભવ છે. વચનપરીક્ષા તાત્ત્વિક ધર્મ પ્રાપ્તિનો રાજમાર્ગ છે.

★ જે વચનો પ્રમાણથી બાધિત ન થતાં હોય.
★ જેમાં ઉત્સર્ગ અપવાદનો ઉચિત સમન્વય હોય.
★ જેનું ઐદંપર્ય = તાત્પર્ય શુદ્ધ હોય તે વચનો ઉપાદેય છે.

ધર્મની પરીક્ષા કરવા આવતા જીવની કક્ષા મુજબ તેને-આત્મવિકાસનો માર્ગ દર્શાવવો એ ધર્મદેશકનું કર્તવ્ય છે. બાલ-મધ્યમ-બુધ જીવોનાં લક્ષણ - વ્યાપારાદિનું વિવેચન પ્રથમ ષોડશકમાં છે. બીજા ષોડશકમાં ધર્મદેશકનું કર્તવ્ય, ધર્મદેશકના ગુણો અને ધર્મદેશનાનું ફળ વર્ણવાયું છે.

ત્રીજા ષોડશકમાં ધર્મનું સ્વરૂપ દર્શાવ્યું છે. ધર્મતત્ત્વની ખૂબ જ ઉત્કૃષ્ટ છણાવટ આ અધિકારમાં થઇ છે. ધર્મ ચિત્તમાં જન્મે છે. ચિત્તના શુભભાવોની પુષ્ટિ અને અશુભભાવોની શુદ્ધિ એ ધર્મ છે. પુષ્ટિ નિરંતર ચાલે તો મોક્ષનું કારણ બને - તેમનો આ અનુબંધ પ્રણિધાન વગેરે પાંચ આશયોથી ચાલે છે.

ધર્મ ચિત્તના પરિણામ સ્વરૂપ છે. ચિત્તના પરિણામો ખૂબ જ સંકુલ (Complex) છે. તેમને ઓળખવા અઘરા છે. પરિણામો વિચાર કે ક્રિયા દ્વારા જાણી શકાય છે. પરિણામો ધર્મમય છે કે નહીં તે જાણવાનાં ત્રણ લિંગ છે ૧. ગુણ ૨. દોષોનો અભાવ ૩. ભાવનાનો અભ્યાસ.

ગુણો પાંચ છે. ઉદારતા, દાક્ષિણ્યભાવ, પાપની જુગુપ્સા, નિર્મલબોધ, લોકપ્રિયતા. વિષયની તૃષ્ણા, દ્રષ્ટિ સંમોહ (મતિવિપર્યાસ), ધર્મમાં અરુચિ અને ક્રોધની આદત, આ ચાર દોષો જીવનમાં ન હોય તો જીવનમાં ધર્મ છે, એમ કહી શકાય. મૈત્રી-પ્રમોદ-કરુણા અને માધ્યસ્થ આ ચાર ભાવનાનો વારંવાર અભ્યાસ હોય તો ધર્મ સહજ બને છે. મુખ્યત્વે મૈત્રી વગેરે ભાવનાઓ પ્રાપ્ત થયેલા શુભભાવને જીવંત રાખવામાં ઉપયોગી છે.

ધર્મના આ લિંગોની વાત ચોથા ષોડશકમાં છે. તો પાંચમા ષોડશકમાં લોકોત્તર સંપ્રાપ્તિનું વર્ણન છે. ચરમાવર્તમાં આવેલા જીવને જ આગમવચનો પરિણામ પામે છે.જેના હૃદયમાં આગમવચનો પરિણત થયાં છે તે લોકોત્તર તત્ત્વ સંપ્રાપ્તિના અધિકારી છે. ભાવથી અપુનર્બંધક અવસ્થા અને દ્રવ્યથી પરમાત્માનું શાસન મળે તો લોકત્તરતત્ત્વની સંપ્રાપ્તિ થાય છે.

છઠ્ઠા-સાતમા-આઠમા-નવમા ષોડશકમાં સ્તવપરીક્ષાનું વર્ણન છે. પૂર્વમાં રહેલા આ પદાર્થને પૂજ્યશ્રીએ પોતાના અનેક ગ્રંથોમાં સ્થાન આપ્યું છે. જિનભવન અને જિનબિંબ નિર્માણનો વિધિ, જિનબિંબની પ્રતીષ્ઠા, જિનબિંબની પૂજાનું વિસ્તૃત વર્ણન આ અધિકારોમાં છે.

જિનપૂજાથી સદનુષ્ઠાન પ્રાપ્ત થાય છે. સર્વોત્તમ ક્રિયા માર્ગની સ્પર્શના એ ભગવાનની ભક્તિનું ફળ છે. પ્રીતિ-ભક્તિ-વચન અને અસંગઃ આ ચાર સદનુષ્ઠાનો છે. ભગવાનની ભક્તિ દ્વારા વચનાનુષ્ઠાનની સ્પર્શના થાય છે. વચનાનુષ્ઠાનની સ્પર્શનાથી સજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનશુશ્રૂષા સજ્ઞાનનું લિંગ છે. પર અને અપર શુશ્રૂષા, શ્રુતજ્ઞાન-ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાનનું સ્વરૂપ વગેરે નું વર્ણન દશમા અને અગિયારમા ષોડશકમાં છે.

સજ્ઞાન દીક્ષાનો અધિકાર આપે છે. દેશવિરતિ દીક્ષા પ્રાપ્ત કરવા પણ સજ્ઞાન જરૂરી છે. વિશુદ્ધ દીક્ષિત આત્માની વિશુદ્ધ ભાવદશાનું વર્ણન બારમા ષોડશકની વિશેષતા છે.

વિરતિના પરિણાનને ઉજ્જ્વલ બનાવવા પાંચ ગુણો અપેક્ષિત છે. ૧. ગુરુનો વિનય ૨. સ્વાધ્યાય ૩. યોગાભ્યાસ ૪. પરોપકાર ૫. ઇતિકર્તવ્યતા.

સ્થાન-વર્ણ-અર્થ-આલંબન અને નિરાલંબન આ પાંચ યોગ છે. તેનો અભ્યાસ કરનાર સાધુ જે કંઇપણ કરે તે પરોપકાર છે.

નિયત સમયે કરવાની ક્રિયા ઇતિકર્તવ્યતા છે. સાધુપણાની ક્રિયામાં સામર્થ્ય છે, મૈત્રી વગેરે ભાવોને સિદ્ધ કરાવવાનું. આ પાંચ ગુણોના અભ્યાસ કરવાથી યોગી બનાય છે. સિદ્ધયોગીનું ચિત્તમાત્ર સાક્ષિભાવમય હોય છે.પ્રવૃત્તયોગીના ચિત્તમાં મૈત્રી વગેરે શુભ ભાવો હોય છે. તેને માટે એ જરૂરી પણ છે. આ ભાવનાઓનો અભ્યાસ કરવાથી જ તે સિદ્ધ થાય છે. વિરાધનાનો ડર જીવના વીર્યને વધારનારો છે. આ વીર્ય અભ્યાસમાં સહાયક છે-ગુરુવિનય અવિરાધકભાવનું મૂળ છે તો પરિપૂર્ણ યોગમાર્ગનું મૂળ નીચે કહેલાં ચાર તત્ત્વો છે.

(૧) શાસ્ત્રોની કથા (શ્રવણ, વાચન કે મનન)

(૨) સત્પુરુષોનો સંગ
(૩) મૃત્યુનો વિચાર
(૪) સુકૃત અને દુષ્કૃતના ફળની વિચારણા.

તેરમું ષોડશક આ વાત લઈને આવે છે. ચૌદમા ષોડશકમાં આલંબન અને નિરાલંબન યોગનું વર્ણન છે. સાલંબન યોગમાં પરમાત્માના રૂપનું ધ્યાન કરવાનું છે. ધ્યાન ચિત્તનો વિષય છે.અશુદ્ધ ચિત્ત અતિ ચંચળ હોવાથી તેમાં ધ્યાન સંભવતું નથી ધ્યાનમાં બાધક બનતા ખેદ વગેરે આઠ દોષોનું વર્ણન પ્રાયઃ અન્યત્ર જોવા મળતું નથી. નિરાલંબન યોગમાં ગુણોનું આલંબન હોય છે. ખેદ વગેરે દોષોથી રહિત યોગીની ચિત્તદશા અને ધ્યાનના ક્રમ વગેરે બાબતો અહીં દ્રષ્ટિગોચર થાય છે.

પંદરમા ષોડશકમાં ધ્યેયનું સ્વરૂપ વર્ણવ્યું છે. ધ્યાનની કક્ષાએ આ વાત અતિ મહત્ત્વની છે. જો ધ્યેય જ શુદ્ધ ન હોય તો ધ્યાન શુદ્ધ આવવાનું નથી. જગતમાં સર્વોત્તમ ધ્યેય છે, અરિહંત પરમાત્માઓ - સિદ્ધપરમાત્માઓ.

ધ્યેય અને ધ્યાતા વચ્ચેના ભેદભાવનું વિસર્જન એ ધ્યાનનું ફળ છે. ધ્યાતા અને ધ્યેયની એકતાનું નામ સમરસાપત્તિ છે. અંતિમ ષોડશકમાં તેની વિવેચના છે. આત્માના સ્વરૂપ અંગે દાર્શનિક વિમર્શ પૂજ્યશ્રીએ અહીં કર્યો છે. જુદા જુદા દર્શનોમાં આત્માનું જે એકાંત સ્વરૂપ જ પૂર્ણસત્ય તરીકે સ્વીકારવામાં આવ્યું છે, તેને કારણે ''સમરસાપત્તિ''- જે યોગમાર્ગનું ચરમ ફળ છે તે પ્રાપ્ત કરવામાં અનેક બાધાઓ સર્જાય છે. ધ્યાતા આત્માનું જિનોક્ત સ્વરૂપ જ સમરસાપત્તિ માટે સર્વરૂપે સુયોગ્ય છે.

પ્રસ્તુત સંપાદનમાં પૂજ્યપાદ ધર્મતીર્થ પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજયમિત્રાનંદ સૂરીશ્વરજી મહારાજાએ ટીકા સાથે આ ગ્રંથનો ભાવાનુવાદ કર્યો છે. પૂજ્ય આચાર્ય ભગવંત સમર્થ વિદ્વાન હતા. આચારમાર્ગમાં અને અધ્યાત્મમાર્ગમાં સહાયક બને તેવા ગ્રંથો તેમને અતિપ્રિય હતા. તેમને જે ગમી જતું તેનો તરત ગુલાલ કરી દેતા, ખાસ કરીને તેમની નજર સમક્ષ પ્રારંભિક કક્ષાના જીવો રહેતા. તેમણે સંસ્કૃત ટીકા કે ગુજરાતી અનુવાદ રચ્યા તેના વાચક તરીકે પ્રારંભિક સાધકોને નજર સમક્ષ રાખ્યા છે. અધ્યાત્મબિંદુ કે ચારિત્રમનોરથમાલાની ટીકા પછી ષોડશકનો ભાવાનુવાદ એ જ ક્રમ અને કક્ષામાં આવે છે. આથી ભાવાનુવાદમાં ટીકાના દુર્ગમ સ્થળોની વિવેચના જોવા ન મળે તે સ્વાભાવિક છે.

આપણા શ્રી શ્રમણસંઘમાં પ્રકરણ-ભાષ્ય-કર્મગ્રંથ-શતક-કુલક વગેરે કંઠસ્થ કરવાની જે પરંપરા છે તેમાં યોગગ્રંથ તરીકે આ ષોડશકને પણ સ્થાન મળવું જોઈએ. એટલું જ નહિ પ્રકરણના પદાર્થોની જેમ આ યોગગ્રંથના પદાર્થો પણ કંઠસ્થ થતા રહેવા જોઈએ અને સ્વાધ્યાયની પરિપાટીમાં ઉપસ્થિત હોવા જોઈએ. અનુભૂતિના આચાર્યભગવંત શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજાના શબ્દો આપણી ભીતરના યોગમાર્ગને જગાડવાની તાકાત ધરાવે છે.

પોતાના ગુરુદેવના અધૂરાં રહેલાં કાર્યને પૂર્ણ કરીને પૂ.પં.શ્રી ભવ્યદર્શનવિજયજી ગણિવર્યે જે અનુપમ ગુરુભક્તિનો - શ્રુતસેવાનો લાભ પ્રાપ્ત કર્યો તેની અંતરથી અનુમોદના...
યોગમાર્ગનો સહારો લઈને સહુ કોઈ પોતાના રાગ-દ્વેષથી મુક્ત બને એજ મનઃકામના.

ફાગણ વદ-૭, ૨૦૬૧,
શ્રી ૨. છ. આરાધના ભવન, નવસારી

– મુ. વૈરાગ્યરતિ વિજય

સમર્પણમ્....

જેઓશ્રી પૂજ્યપાદ કારુણ્યસિંધુ, કર્મસાહિત્ય-નિપુણમતિ, સિદ્ધાંતમહોદધિ, મરુધરરત્ન, સુવિશાલગચ્છનિર્માતા, વાત્સલ્યના મહાસાગર, આચાર્યભગવાન શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના કૃપાપાત્ર હતા.

જેઓશ્રી પૂજ્યપાદ તપાગચ્છાધિપતિ, દીક્ષાયુગપ્રવર્તક, સંઘસ્થવિર, અનુપમપુણ્યનિધિ, પ્રૌઢપ્રતાપી, શાસ્ત્રમર્મજ્ઞ, આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના આજ્ઞાવર્તી હતા.

જેઓશ્રી પૂજ્યપાદ 'મા' થી અધિક વાત્સલ્યદાતા, સમતાસિંધુ, જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પરિણતિમત્ જ્ઞાનના સ્વામી, છેદગ્રંથોના મર્મજ્ઞ, અનુયોગાચાર્ય **પદ્મવિજયજી** ગણિવર્યના પ્રથમ સુશિષ્ય હતા.

જેઓશ્રી બાળક જેવું સરળ હૃદય ધરાવતા હતા. જેઓશ્રી યુવાન જેવી સ્ફૂર્તિ ધરાવતા હતા. જેઓશ્રી પ્રૌઢ પુરુષ જેવી પ્રજ્ઞા અને ગંભીરતા ધરાવતા હતા. જેઓશ્રી વૃદ્ધાવસ્થા જેવી સાલસતા અને વાત્સલ્યતા ધરાવતા હતા.

જેઓશ્રીમાં બાળક જેવી અજ્ઞતા અને ચંચળતા નહોતી, જેઓશ્રીમાં યુવાન જેવો ઉન્માદ નહોતો. જેઓશ્રીમાં પ્રૌઢાવસ્થા જેવું અભિમાન નહોતું. જેઓશ્રીમાં વૃદ્ધાવસ્થા જેવી શિથિલતા નહોતી.

જેઓશ્રી હંમેશા જ્ઞાનાદિની આરાધનાનો અખંડ ઉત્સાહ ધરાવતા હતા. અપ્રમત્તપણે જ્ઞાનદાનનું કાર્ય કરતા હતા. અસાધ્ય અને દીર્ઘકાળની બીમારીમાં પણ સમતા અને સમાધિના ભંડાર બની રહ્યા હતા !!

જેઓશ્રીએ પોતાના જીવનમાં સંસ્કૃત - હિન્દી - ગુજરાતી - મરાઠી ભાષામાં વિપુલ સાહિત્યનું સર્જન કર્યું હતું. કેટલાય સંસ્કૃત - પ્રાકૃત ગ્રંથોના અનુવાદ કર્યા હતા, એવા અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક, ગચ્છસ્થવિર, મધપકતી મીઠી વાણીના સ્વામી, મધુર કંઠી, ભવોદધિતારક, ગુરુદેવ પૂજ્યપાદ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય **મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**ના પવિત્ર કરકમલમાં તેઓશ્રીના જ વરદહસ્તે અનુવાદ થયેલા આ ગ્રંથને અર્પણ કરતાં આનંદ અનુભવું છું.

પં. ભવ્યદર્શનવિજયગણી

: અનુક્રમણિકા :

નંબર	પ્રકરણ	પાના નંબર
૧	સદ્ધર્મપરીક્ષા ષોડશક	૧
૨	સદ્ધર્મદેશના ષોડશક	૧૭
૩	સદ્ધર્મલક્ષણ ષોડશક	૩૦
૪	સદ્ધર્મસિદ્ધિલિંગ ષોડશક	૪૭
૫	લોકોત્તરતત્ત્વસંપ્રાપ્તિ ષોડશક	૬૧
૬	જિનભવનવિધાન ષોડશક	૭૫
૭	જિનબિંબવિધાન ષોડશક	૮૯
૮	જિનબિંબપ્રતિષ્ઠા ષોડશક	૧૦૧
૯	જિનપૂજાસ્વરૂપ ષોડશક	૧૧૬
૧૦	સદનુષ્ઠાન ષોડશક	૧૩૦
૧૧	સજ્જ્ઞાનાધિકાર ષોડશક	૧૪૨
૧૨	દીક્ષાધિકારી ષોડશક	૧૫૪
૧૩	સાધુસચ્ચેષ્ટાધિકાર ષોડશક	૧૬૭
૧૪	સાલમ્બનયોગાધિકાર ષોડશક	૧૮૪
૧૫	ધ્યેયસ્વરૂપાધિકાર ષોડશક	૧૯૭
૧૬	સમરસાપત્તિ ષોડશક	૨૧૧

પૂ.પં. શ્રીપદ્મવિજયજી ગણિવર જૈનગ્રંથમાળાનાં પ્રાણવંતાં પ્રકાશનો...

૧. પદ્મ સૌરભ
૨. ભાગ્યના ખેલ (બે આવૃત્તિ)
૩. દીવાદાંડી ભાગ-૧ (બે આવૃત્તિ)
૪. મંત્રાધિરાજ (બે આવૃત્તિ)
✢ ૫. પદ્મ પરિમલ
✢ ૬. મહાસાગરના મોતી
✢ ૭. પુણ્યપાપના પડછાયા
✢ ૮. પંચસૂત્ર-પ્રથમસૂત્ર (છ આવૃત્તિ)
✢ ૯. કથીર અને કંચન
૧૦. અહિંસાવિચાર (ગુજરાતી)
૧૧. વિરલવિભૂતિ (ત્રણ આવૃત્તિ)
✢ ૧૨. ચાલો, બ્રહ્મચર્યના પુનિતમાર્ગે
✢ ૧૩. દીવાદાંડી ભાગ-૨
૧૪. મંગલં જિનશાસનમ્ (ત્રણ આવૃત્તિ)
✢ ૧૫. કથા કલ્પવેલી ભા. - ૧
૧૬. સામાયિક ધર્મ (ત્રણ આવૃત્તિ)
✢ ૧૭. મહાનિશીથસૂત્ર (મૂળ)
✢ ૧૮. સામાયિક-ચૈત્યવંદન સૂત્ર (અંગ્રેજી) (બે આવૃત્તિ)
✢ ૧૯. ચન્દ્રયાત્રાનું રહસ્ય
✢ ૨૦. આઠ સ્વપ્નનો ફળાદેશ
✢ ૨૧. દીપજલે સંસાર
૨૨. સમાધિવિચાર (બે આવૃત્તિ)
✢ ૨૩. આનંદઘન ચોવીશી (હિંદી)
✢ ૨૪. તીર્થંકર આરાંધના
✢ ૨૫. સંયમનાં સૌંદર્ય
✢ ૨૬. ચેતન ! જ્ઞાનસુધારસ પીજે
૨૭. પાઇઅસુભાસિયસંગ્રહો
✢ ૨૮. મનમંદિર આગમદીવો
૨૯. બાર ભાવના-ભવ ભાવના (બે આવૃત્તિ)
૩૦. અદ્‌ભુત આરાધનાઓ ભાગ-૧ (બે આવૃત્તિ)
૩૧. રાત્રિભોજન મહાપાપ (છ આવૃત્તિ - ૨૬૦૦૦ નકલ)
૩૨. સંયમરંગ લાગ્યો
૩૩. ધર્મપરીક્ષા - પ્રત
૩૪. દેવસિરાઇ પ્રતિક્રમણસૂત્ર (અંગ્રેજી-બે આવૃત્તિ)
૩૫. ભવઆલોચના (બે આવૃત્તિ) (૧૦,૦૦૦ નકલ)
૩૬. Eating After Sunset the Great sin.
૩૭. માંગલ્યયદીપ
૩૮. ઉપદેશ કલ્પવેલી
૩૯. ચાતુર્માસિક તથા જીવનના નિયમો (ત્રણ આવૃત્તિ)
૪૦. રાત્રિ ભોજન મહાપાપ - હિંદી
૪૧. રત્નના દીવા
૪૨. અંતરની પ્રાર્થના
૪૩. પદ્મ પ્રેરણા
૪૪. શતક સંદોહ
૪૫. સમરાદિત્ય ચરિત્ર - પ્રત સંસ્કૃત ભા.૧
૪૬. અનેકાંતદર્શનમાં દ્રવ્યનું સ્વરૂપ
૪૭. દ્રવ્યગુણપર્યાયનો રાસ ઢાળ-૧ વિવેચન
૪૮. કથા કલ્પવેલી ભા. - ૨
૪૯. ચારિત્રમનોરથમાળા સટીક -સાનુવાદ
૫૦. ષોડશકગ્રંથ - સટીક ભાવાનુવાદ

પૂજ્યપાદ આ.ભ.શ્રીમદ્ વિજય મિત્રાનંદ સૂરીશ્વરજી મ.સા. પ્રેરિત-સંપાદિત ગ્રંથો

- અધ્યાત્મબિંદુ (સંસ્કૃત)
- અધ્યાત્મબિંદુ સટીક
- ચાતુર્માસિક નિયમો (પાંચ આવૃત્તિ)
- ઠાણાંગસૂત્ર દીપિકા ભાગ-૧ (પ્રત)

✢ *આ નિશાનવાળાં પુસ્તકો અપ્રાપ્ય છે.*

॥ प्रथमः सद्धर्मपरीक्षकाधिकारः ॥

प्रणिपत्य जिनं वीरं, सद्धर्मपरीक्षकादिभावानाम् ।
लिङ्गादिभेदतः खलु, वक्ष्ये किञ्चित् समासेन ॥ १ ॥

: विवरणम् :

अमृतमिवामृतमनघं, जगाद जगते हिताय यो वीरः ।
तस्मै मोहमहाविषविघातिने स्तान्नमः सततम् ॥ १ ॥
यस्याः संस्मृतिमात्राद्, भवन्ति मतयः सुदृष्टपरमार्थाः ।
वाचश्च बोधविमलाः, सा जयतु सरस्वती देवी ॥ २ ॥

इह भव-जलधि-निमग्न-सत्त्वाभ्युद्दिधीर्षाभ्युद्यतेन स्वपरहित-सम्पादन-निपुणेन गुरु-लाघव-चिन्तावता प्रश्नार्थ-व्याकरण-समर्थेन विदुषा सद्धर्म-परीक्षायां यत्नो विधेयः, सा च परीक्षकमन्तरेण न सम्भवति, तदविनाभावित्वात् परीक्षायाः, सद्धर्मपरीक्षकादिभाव-प्रतिपादनार्थं चार्यषोडशकाधिकार-प्रतिबद्धं प्रकरणमारेभे हरिभद्रसूरिः, तस्य चादावेव प्रयोजनाभिधेय-सम्बन्ध- प्रतिपादनार्थमिदमार्यासूत्रं जगाद-प्रणिपत्येत्यादि ।

प्रणिपत्य - नमस्कृत्य **जिनं**-जितरागद्वेषमोहं सर्वज्ञं, **वीरं** - सदेवमनुष्यासुरे लोके 'श्रमणो भगवान्महावीर' इत्यागमप्रसिद्धनामानं, अनेनेष्टदेवतास्तवद्वारेण मङ्गलमाह, **सद्धर्मपरीक्षकः**-त्रिविधो वक्ष्यमाणस्तदादयो ये भावास्तेषां, **किञ्चिद्**-इत्यस्य

---

१ – सद्धर्मपरीक्षा षोडशक

શ્લોકાર્થ : રાગદ્વેષના વિજેતા શ્રીવીરપ્રભુને નમસ્કાર કરીને, સદ્ધર્મના પરીક્ષક વગેરે ભાવોને - વિષયોને, એના લિંગાદિ ભેદો ના વર્ણનપૂર્વક સંક્ષેપથી-લેશમાત્ર કહીશ.

વિવરણકારનું મંગલાચરણ :- જે વીરપરમાત્માએ જગતના હિત માટે અમૃત જેવું નિષ્પાપ - અમૃત કહ્યું, તે મોહમહાવિષનો નાશ કરનારા વીરપરમાત્માને સતત નમસ્કાર થાઓ. ૧.

જે શ્રુતદેવતાના સ્મરણમાત્રથી જીવોની બુદ્ધિ સારી રીતે પરમાર્થને જોનારી થાય છે અને વાણી પણ નિર્મલ બોધવાળી થાય છે; તે સરસ્વતી દેવી જય પામો. ૨.

આ જિનશાસનમાં ભવસાગરમાં ડૂબેલા અને એમાંથી બહાર નીકળવા તૈયાર થયેલા, સ્વપર હિત કરવામાં નિપુણ, નાના મોટા દોષોના વિચારક, પ્રશ્નોનું નિરાકરણ કરવામાં સમર્થ એવા વિદ્વાન જીવોએ સદ્ધર્મની પરીક્ષા કરવામાં પ્રયત્ન કરવો જોઈએ. પરીક્ષક વિના પરીક્ષા સંભવતી નથી. તેથી સદ્ધર્મના પરીક્ષક વગેરે વિષયોના પ્રતિપાદન માટે ૧૬ ગાથાવાળા પ્રકરણનો શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ પ્રારંભ કરે છે. તેની આદિમાં મંગલ, પ્રયોજન, અભિધેય અને સંબંધના પ્રતિપાદન માટે 'प्रणिपत्य' વગેરે શ્લોકનું કથન કર્યું છે.

स्वल्पमात्राभिधायित्वाल्लेशम्, **वक्ष्ये लिङ्गादिभेदतः खल्विति**-लिङ्ग-वृत्तादिविशेषप्रतिपादनद्वारेण ।

यद्यप्यपरैरपि पूर्वाचार्यैः सद्धर्मपरीक्षकादयो भावाः स्फुटमेवाभिहितास्तथाप्यहं समासेनैवाभिधास्यामीति संक्षेपाभिधानं प्रयोजनं, स्वरूपतस्तु शिष्यबुद्धौ सद्धर्मपरीक्षकादि-भावानामारोपणं, तच्च वचनरूपापन्नं प्रकरणमन्तरेण न सम्भवतीति प्रकरणमुपायः, उपेयं तु तदर्थपरिज्ञानं, उपायोपेयलक्षणश्च सम्बन्धस्तर्कानुसारिणः प्रति, उक्तं च -

"शास्त्रं प्रयोजनं चेति, सम्बन्धस्याश्रयावुभौ ।
तदुक्त्यन्तर्गतस्तस्माद्, भिन्नो नोक्तः प्रयोजनात् ॥ १ ॥"

समयानुसारिणस्त्वङ्गीकृत्य गुरुपर्वक्रमलक्षणः । अभिधेयं तु सद्धर्मपरीक्षकादयो भावाः प्रकरणप्रतिपाद्याः।

किमर्थं चेदं प्रयोजनादित्रयं प्रतिपाद्यते ?, शिष्यश्रवणप्रवृत्त्यर्थं, यथोक्तं -

"प्रेक्षावतां प्रवृत्त्यर्थं, फलादित्रितयं स्फुटम् ।
मङ्गलं चैव शास्त्रादौ, वाच्यमिष्टार्थसिद्धये ॥ १ ॥ इति ॥ "

: योगदीपिका :

ऐन्द्रश्रेणिनतं वीरं, नत्वाऽस्माभिर्विधीयते ।
व्याख्या षोडशक-ग्रन्थे, सङ्क्षिप्तार्थावगाहिनी ॥ १ ॥

યોગદીપિકાનું મંગલાચરણ : ઇન્દ્રોની શ્રેણિથી નમસ્કાર કરાયેલા શ્રીવીરપ્રભુને નમસ્કાર કરીને, અમારા વડે (ઉપા. યશોવિ.મ.) ષોડશક ગ્રંથ ઉપર સંક્ષેપમાં અર્થનું અવગાહન કરનારી વ્યાખ્યા કહેવાય છે.

આ મંગલાચરણના શ્લોકમાં -

(૧) ઇષ્ટદેવ શ્રી વીરપ્રભુને નમસ્કાર કરવા સ્વરૂપ મંગલ કર્યું.

(૨) 'સદ્ધર્મપરીક્ષક' આદિ ભાવો આ ગ્રંથનો વિષય-અભિધેય છે.

(૩) સદ્ધર્મપરીક્ષકાદિ ભાવોનું શિષ્યની બુદ્ધિમાં સ્થાપન કરવું, શિષ્યને એનું જ્ઞાન કરાવવું તે આ ગ્રંથ રચવાનું પ્રયોજન છે ; તે પણ બતાવ્યું.

(૪) આ ગ્રંથ ઉપાય છે અને એમાં કહેલા વિષયોનું જ્ઞાન ઉપેય - મેળવવા જેવું છે. તર્કરુચિ જીવો માટે ઉપાય ઉપેયભાવરૂપ સંબંધ બતાવ્યો. શ્રદ્ધાસંપન્ન જીવો માટે ગુરુપરંપરારૂપ સંબંધ છે; તે અધ્યાહારથી સમજી લેવું.

શાસ્ત્રની આદિમાં વિઘ્નના નાશ માટે, તેમજ ગ્રંથની નિર્વિઘ્ને સમાપ્તિ થાય તે માટે મંગલ કરાય છે અને બુદ્ધિમાન શ્રોતાઓ તથા શિષ્યો શાસ્ત્રશ્રવણ અને વાંચનની પ્રવૃત્તિ કરે એ માટે પ્રયોજન, સંબંધ અને અભિધેય કહેવાય છે. ૧.

तत्रादाविदमार्यासूत्रं प्रणिपत्येत्यादि ।

प्रणिपत्य - नमस्कृत्य **जिनं** -जितरागादिदोषं **वीरं**-वर्द्धमानस्वामिनं **सद्धर्मपरीक्षको** - बालादिभेदेन त्रिविधस्तदादयो ये **भावास्तेषां, लिङ्गादिभेदतः**-लिङ्गादिभेदमाश्रित्य **किञ्चिदल्पं** स्वरूपमिति शेषः । **समासेन**-मितशब्देन **वक्ष्ये**-अभिधास्यामि ॥ १ ॥

बालः पश्यति लिङ्गं, मध्यमबुद्धिर्विचारयति वृत्तम् ।
आगमतत्त्वं तु बुधः, परीक्षते सर्वयत्नेन ॥ २ ॥

: विवरणम् :

सद्धर्मपरीक्षकस्य त्रिविधस्य व्यापारमुपदर्शयति - बाल इत्यादि ।

बालः- विशिष्टविवेकविकलो, **लिङ्गं**-वेषमाकारं बाह्यं पश्यति प्राधान्येन, धर्मार्थिनोऽपि तस्य तत्रैव भूयसा रुचिप्रवृत्तेः । **मध्यमबुद्धिः**-मध्यमविवेकसम्पन्नो **विचारयति** - मीमांसते **वृत्तं** - वक्ष्यमाणस्वरूपं प्राधान्येन समाश्रयति तत्रैवाभिलाषाद्, **आगमतत्त्वं तु**-आगम-परमार्थमैदम्पर्यरूपं **बुधः**- विशिष्टविवेकसम्पन्नः **परीक्षते**-समीचीनमवलोकयति **सर्वयत्नेन**-सर्वादरेण, धर्माधर्मव्यवस्थाया आगमनिबन्धनत्वाद्, यत उक्तं -

"धर्माधर्मव्यवस्थायाः शास्त्रमेव नियामकम् ।
तदुक्तासेवनाद् धर्मस्त्वधर्मस्तद्विपर्ययात् ॥ १ ॥" इति ॥ २ ॥

: योगदीपिका :

सद्धर्मपरीक्षकस्य बालादिभेदत्रयं व्यापारद्वारा निरूपयन्नाह-बाल इत्यादि ।

बालो-विवेकविकलो धर्मेच्छुरपि, **लिङ्गं**-बाह्यं वेषं, **पश्यति** प्राधान्येन । **मध्यमबुद्धिः**-मध्यमविवेकसम्पन्नो, **वृत्तम्**-आचारं **विचारयति** -यद्ययमाचारवान् स्यात्तदा वन्द्यः स्यादिति वितर्कारूढं करोति । **बुधो**-विशिष्टविवेकसम्पन्नस्तु **सर्वयत्नेन** सर्वादरेण **आगमतत्त्वं** - सिद्धान्तपरमार्थं **परीक्षते** - पुरस्कृत्याद्रियते । बालादीनां बाह्यदृष्ट्यादौ

श्लोकार्थ : બાળજીવ બાહ્યવેશને જુએ છે. મધ્યમ બુદ્ધિજીવ આચારને જુએ છે. બુધજીવ સર્વપ્રયત્નપૂર્વક આગમની તત્વની પરીક્ષા કરે છે.

પ્રથમ ષોડશકમાં ધર્મના પરીક્ષક જીવો ત્રણ પ્રકારના કહ્યા છે. (૧) બાળ (૨) મધ્યમ અને (૩) બુધ. એમાં -

[૧] બાળજીવો : બાહ્યવેશ જોનારા, વિશિષ્ટ વિવેકથી રહિત. આગમમાં ન કહ્યા હોય એવા અસદ્ આરંભોને, અસુંદર પ્રવૃત્તિને આચરનારા હોય છે. એ પ્રવૃત્તિમાં પોતાની શક્તિનો કે કાળ વગેરેનો પણ વિચાર તેઓ કરતા નથી ! આ જીવો ધર્મના અર્થી હોવા

च स्वरुचिभेद एव हेतुः ॥ २ ॥

बालो ह्यसदारम्भो, मध्यमबुद्धिस्तु मध्यमाचारः ।
ज्ञेय इह तत्त्वमार्गे, बुधस्तु मार्गानुसारी यः ॥ ३ ॥

: विवरणम् :

इदानीं पूर्वोक्तानां बालादीनामेव लक्षणमाह-बालो हीत्यादि ।

बालो हि पूर्वोक्तः **असन्**-असुन्दरः **आरम्भो**ऽस्येत्यसदारम्भः, अविद्यमानं वा यदागमे व्यवच्छिन्नं तदारभत इत्यसदारम्भः, न सदा = न सर्वदा स्वशक्तिकालाद्यपेक्ष आरम्भोऽस्येति वा । **मध्यमबुद्धिस्तु** पूर्वोक्तो **मध्यमाचारः**, आगमैदम्पर्यविकलत्वात् प्रावचनिक-कार्या-प्रवृत्तेः, **ज्ञेय इह**-प्रक्रमे **तत्त्वमार्गे** परमार्थमार्गे प्रवचनोन्नतिनिमित्ते, **बुधस्तू**क्तलक्षण एव **मार्गानुसारी** ज्ञानादित्रयानुसारी स्वपरयोस्तद्वृद्धिहेतुत्वेन, **यः** स विज्ञेय इति ॥ ३ ॥

: योगदीपिका :

आचारद्वारैः तन्निरूपणमाह - बालो हीत्यादि ।

बालो हि निश्चितं **असदारम्भो** निषिद्धकार्यकारी । **मध्यमबुद्धिस्तु** गुरु-लाघव-ज्ञान-साध्य-कार्यानाचरण-सूत्र-दृष्ट-मात्र-कार्याचरणाभ्यां **मध्यमाचारः ज्ञेय इह** प्रक्रमे **तत्त्वमार्गे**-मोक्षाध्वनि **बुधस्तु** स एव **यो मार्गानुसारी** - ज्ञानादित्रयानुसारी ॥ ३ ॥

बाह्यं लिङ्गमसारं, तत्प्रतिबद्धा न धर्मनिष्पत्तिः ।
धारयति कार्यवशतो, यस्माच्च विडम्बकोऽप्येतत् ॥ ४ ॥

: विवरणम् :

कथं पुनर्बाह्यलिङ्गप्राधान्यदर्शिनो बालत्वमित्याह-बाह्यमित्यादि ।

बाह्यं - बहिर्वर्ति दृश्यं लिङ्गमाकारो वेषस्तदसारं, यतः **तत्प्रतिबद्धा**-तदविनाभाविनी **न धर्मनिष्पत्तिः** - न धर्मसंसिद्धिर्विदुषां मता । **धारयति कार्यवशतः** कार्याङ्गीकरणेन स्वाभिप्रेतफलसिद्धये **यस्माच्च विडम्बकोऽप्येतद्** धर्मनिष्पत्त्यभावविवक्षया यस्माच्चेति हेत्वन्तरसूचनम् । एको हेतुर्बाह्यलिङ्गाद्धर्मनिष्पत्तेरभावो, द्वितीयस्तु कुतश्चिन्निमित्ता-द्विडम्बकस्यापि तद्धारणं,

---

છતાં, બાહ્ય દેખાવને - બાહ્ય વેષને મહત્ત્વ આપી, બાહ્ય દેખાવમાં ધર્મ માની લઈ, ધર્મની પરીક્ષા કરનારા હોય છે પણ કેવળ બાહ્યવેશ અસાર છે. ધર્મસિદ્ધિનો આધાર કેવળ બાહ્યવેશ ઉપર નથી. કારણકે, પોતાના કાર્યની સિદ્ધિ માટે વેષવિડંબક આત્માઓ પણ બાહ્યવેષ ધારણ કરી લે છે. ૨-૩-૪.

आभ्यां बाह्यलिङ्गमसारं, स तु बालस्तदेव प्राधान्येन मन्यत इति ॥४॥

: योगदीपिका :

बाह्यलिङ्गप्राधान्यदर्शिनो बालत्वे हेतुमाह-बाह्यमित्यादि ।

बाह्यम्-बहिर्दृश्यं, **लिङ्गं**-वेषादिचिह्नं, **असारं** - अफलं, यतः **तत् प्रतिबद्धा** तदविनाभाविनी **धर्मनिष्पत्तिर्नास्ति** । **यस्माच्च कार्यवशतः**-स्वप्रयोजनाभिलाषाद् **विडम्बकोऽप्येतद्** लिङ्गं धारयति ततो न तद्धारयितुः [१]प्रणन्तुर्वा फलमित्युभयथाऽप्यसारमित्यर्थः ॥ ४ ॥

१. प्रणन्तुश्च फलदमित्युभयथा ..... । इति प्रत्यन्तरे ।

बाह्यग्रन्थत्यागान्न चारु नन्वत्र तदितरस्यापि ।
कञ्चुकमात्रत्यागान्न हि भुजगो निर्विषो भवति ॥ ५ ॥

: विवरणम् :

ननु च बाह्यलिङ्गस्य कथमप्राधान्यं भवद्भिरुच्यते ? यतस्तत् परिग्रह-त्याग-रूपमित्याशङ्क्याऽऽह-बाह्येत्यादि । **बाह्यग्रन्थत्यागाद्**-धन-धान्य-स्वजन-वस्त्रादित्यागाद् **न चारु** न शोभनं बाह्यलिङ्गं, **ननु** निश्चितमेतद् **अत्र** लोके **तद्** बाह्यलिङ्गम् **इतरस्यापि**-प्राकृतस्यापि मनुष्यतिर्यक्प्रभृतेः सम्भवति, एनमेवार्थं प्रतिवस्तूपमया दर्शयति-**कञ्चुकमात्रत्यागाद्** -उपरि-वर्ति-त्वङ्मात्र-परित्यागात् **न हि**-नैव **भुजगः** - सरीसृपः कथञ्चिन् **निर्विषो भवति** ॥ ५ ॥

: योगदीपिका :

त्यागलक्षणत्वादिदं शोभनं भविष्यतीत्याशङ्क्याऽऽह-**बाह्येत्यादि** ।

बाह्यग्रन्थस्य धनधान्यादेस्त्यागान् **न चारु** न शोभनं **बाह्यलिङ्गं** गुणशून्यं **ननु**-निश्चितम् **अत्र**-लोके । तद्बाह्यग्रन्थाभावलक्षणम् इतरस्य तिर्यगादेरपि सम्भवति । एतदेव

માત્ર બાહ્યવેષ ધારણ કરનાર કે તેવાને વંદન કરનારને કોઇ ફળ મળતું ન હોવાથી બંનેને માટે બાહ્યવેષ અસાર છે. ધન-ધાન્ય-સ્વજન-વસ્ત્રાદિના ત્યાગરૂપ ગુણશૂન્ય-બાહ્યવેષ તો તિર્યંચાદિને પણ હોવાથી અશુભ છે.

કહ્યું છે કે - કાંચળીનો ત્યાગ કરવા માત્રથી સર્પ જેમ નિર્વિષ બનતો નથી, તેમ માત્ર ગૃહસ્થવેષનો ત્યાગ કરવાથી અને માત્ર સાધુવેષ ધારણ કરવાથી મોહવિષથી રહિત બની શકાતું નથી. ૫

प्रतिवस्तूपमया दृढयति कंचुकमात्रस्य-उपरिवर्त्तित्वङ्मात्रस्य **त्यागान् न हि** - नैव **भुजगः** सर्पो **निर्विषो भवति** ॥ ५॥

मिथ्याचारफलमिदं ह्यपरैरपि गीतमशुभभावस्य ।
सूत्रेऽप्यविकलमेतत्प्रोक्तममेध्योत्करस्यापि ॥ ६ ॥

: विवरणम् :

प्रस्तुतमेवार्थं तन्त्रान्तरसंवादेनाह - मिथ्येत्यादि ।

मिथ्या-अलीको विशिष्ट-भाव-शून्यः **आचारो** मिथ्याचारस्तस्य **फलं** -कार्यम् **इदं** बाह्यलिङ्गं केवलमेव, **हिः** यस्माद् **अपरैरपि** तन्त्रान्तरीयैः **गीतं**-कथितम् **अशुभभावस्य** आन्तर-शुभ-भाव-रहितस्य पुंसः । मिथ्याचारस्वरूपं चेदं -

"बाह्येन्द्रियाणि संयम्य, य आस्ते मनसा स्मरन् ।
इन्द्रियार्थान् विमूढात्मा, मिथ्याचारः स उच्यते ॥" (गीता ३.६)

जन्मान्तरोपार्जिताकुशल-कर्मविपाक एवैष यद्भोगोपभोगादि-रहितेन प्रेक्षावत्पुरुष-परिनिन्दनीयं क्लिष्टजीविकाप्रायं तथाविध-बाह्यलिङ्गधारणमिति, तन्त्रान्तरप्रसिद्धमिममर्थम-ङ्गीकृत्यापरैरपीत्युक्तम् । न केवलं तन्त्रान्तरेषु, **सूत्रेऽपि**-आगमेऽपि स्वकीये **अविकलं**-परिपूर्णम् **एतद्** बाह्यलिङ्गं स्वकीयमेव **प्रोक्तं** प्रतिपादितं ऐहभविक-पारभविक-लिङ्गान्याश्रित्य **अमेध्योत्करस्यापि** - उच्चारनिकरकल्पस्यापि प्रवचनोदिताशेष-गुण-शून्यस्येति यावद्, यत उक्तम् - *"अणंतसो दव्वलिंगाइं"* (उपदेशमालायाम्)

: योगदीपिका :

उक्तार्थे तन्त्रान्तरसंवादमप्याह - मिथ्येत्यादि ।

हिर्यस्माद् अपरैरपि तन्त्रान्तरीयैरपि **अशुभभावस्य पुंस इदम्** - केवलं बाह्यलिङ्गं **मिथ्याचारस्य फलं** गीतम् । मिथ्याचारस्वरूपं चेदम् -

"बाह्येन्द्रियाणि संयम्य, य आस्ते मनसा स्मरन् ।
इन्द्रियार्थान् विमूढात्मा, मिथ्याचारः स उच्यते ॥" इति ।

આવા બાહ્યવેષધારીના ધર્મના આચારને જૈનેતરો પણ 'મિથ્યાચાર' કહે છે. કહ્યું છે કે - બહારથી ઇન્દ્રિયો (અને મન) ઉપર સંયમ મૂકી, અંતરથી વિષયોની ઝંખના કરનારો જીવ મિથ્યાચારી છે.

જૈનશાસ્ત્રો પણ કહે છે - માત્ર બાહ્યવેષ તો અશુચિના ઉકરડા જેવો છે. એને તો ગુણશૂન્ય અભવ્યાદિ જીવો પણ ધારણ કરી શકે છે. જીવે એવાં દ્રવ્યલિંગ (બાહ્યવેષ) અનંતીવાર ગ્રહણ કર્યાં છે. ६

सूत्रेऽपि स्वकीयागमेऽपि एतद् बाह्यलिङ्गं **अविकलं** परिपूर्णम् **अमेध्योत्करस्यापि**-उच्चार-निकर-कल्पस्या-प्युक्तम्-अनन्तशो द्रव्यलिङ्गग्रहणश्रवणात् ॥ ६ ॥

वृत्तं चारित्रं खल्वसदारम्भविनिवृत्तिमत् तच्च ।
सदनुष्ठानं प्रोक्तं, कार्ये हेतूपचारेण ॥ ७ ॥

: विवरणम् :

'मध्यमबुद्धिर्विचारयति वृत्तं' इत्युक्तं, तत्र किं तदित्याह-वृत्तमित्यादि ।

वृत्तं - वर्त्तनं विधि-प्रतिषेधरूपं, तच्च **चारित्रमेव, खलु**शब्दस्यावधारणार्थत्वात्, **तच्चेह सदनुष्ठानं** प्रोक्तं, तत्कीदृशं ? - **'असदारम्भविनिवृत्तिमत्'** असदारम्भः अशोभनारम्भः प्राणातिपाताद्याश्रव-पञ्चक-रूपस्ततो विनिवृत्तिमद्-हिंसादि-निवृत्ति-रूपमहिंसाद्यात्मकम् ।

ननु कथं सदनुष्ठानं चारित्रमभिधीयते, यतश्चारित्रमान्तर-परिणामरूपं, सदनुष्ठानं तु बाह्यसत्क्रिया-रूपं, तदनयोः स्वरूपभेदः परिस्फुट एवास्तीत्याशङ्क्याह-**'कार्ये हेतूपचारेण'** कार्ये सदनुष्ठानरूपे हेतूपचारेण-भावोपचारेण, तत्पूर्वकत्वात्सत्क्रियायाः, य़च्चान्तर-परिणाम-विकलं तत् सदनुष्ठानमेव न भवतीति भावः ॥ ७ ॥

: योगदीपिका :

वृत्तमाश्रित्याह-वृत्तमित्यादि ।

वृत्तम्-विधि-प्रतिषेधरूपं वर्तनम्, **चारित्रमेव खलु**रवधारणार्थः।

---

[२] **મધ્યમ બુદ્ધિ જીવો** : મધ્યમબુદ્ધિવાળા જીવો મધ્યમ - વિવેક સંપન્ન હોય છે. મધ્યમ આચારવાળા હોય છે. તેઓ આગમનાં રહસ્યને જાણનારા ન હોવાથી તેમની પ્રવૃત્તિ આગમાનુસારિણી હોતી નથી.

મધ્યમબુદ્ધિવાળા જીવો વૃત્ત એટલે ચારિત્રને, આચારને જોનારા હોય છે. એના આધારે ધર્મની પરીક્ષા કરે છે પણ આચારની શુદ્ધતા તેઓ જોઈ શકતા નથી.

શુદ્ધ આચાર - ચારિત્ર તેને કહેવાય, જે અસદ્ આરંભથી પાછા ફરવારૂપ હોય અર્થાત્ હિંસાદિ આશ્રવોની નિવૃત્તિવાળું હોય અને અહિંસાદિ ધર્મોની પ્રવૃત્તિવાળું હોય. આવા સદનુષ્ઠાનરૂપ ચારિત્રને બાહ્યચારિત્ર કહેવાય. ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી હિંસાદિ અસદ્ આરંભોથી પાછા ફરવાનો પરિણામ તે આંતર - શુદ્ધચારિત્ર છે. આ આંતરચારિત્રરૂપ પરિણામની સાધક સદ્અનુષ્ઠાનરૂપ ક્રિયાને પણ ઉપચારથી બાહ્ય શુદ્ધચારિત્ર કહેવાય. આંતર પરિણતિ વગરનું ચારિત્ર એ સદનુષ્ઠાન જ નથી. ૭

तच्चेहासदारम्भाद् आश्रवरूपाद् **विनिवृत्तिमद्** - अहिंसाद्यात्मकं, **सदनुष्ठानं प्रोक्तम्, कार्ये**-सदनुष्ठानरूपे, **हेतोः**- आन्तरचारित्रपरिणामरूपस्य, **उपचारेण**-अध्यारोपेण ॥७॥

परिशुद्धमिदं नियमादान्तरपरिणामतः सुपरिशुद्धात् ।
अन्यदतोऽन्यस्मादपि बुधविज्ञेयं त्वचारुतया ॥ ८ ॥

: विवरणम् :

एतच्च सदनुष्ठानं शुद्धाशुद्धभेदं, तद्-द्वयमप्याह-परिशुद्धमित्यादि ।

परिशुद्धं-सर्वप्रकाशुद्धं **इदं**-सदनुष्ठानं **नियमात्**-नियमेन **आन्तरपरिणामतः**-तथाविध-चारित्र-मोहनीय-कर्मक्षयोपशमादिजन्यात् **सुपरिशुद्धात्** शास्त्रानुसारेण सम्यक्त्वज्ञानमूलादिति भावः । **अन्यद्**-अपरिशुद्धं, **अतोऽन्यस्माद्** - आन्तरपरिणामाद्योऽन्यः कश्चिद्धेतुर्ल्लाभ-पूजाख्यात्यादिस्ततोऽन्यस्मादपि प्रवर्तते । ननु परिशुद्धापरिशुद्धयोः सदनुष्ठानयोः स्वरूपं तुल्यमेवोपलभामहे, तत्कथं प्रतिनियत-स्वरूपतया ज्ञायत इत्याह-**'बुधविज्ञेयं त्वचारुतया'** बुधैः तत्त्वविद्भिरेव **अचारुतया**-असुन्दरत्वेनेतररूपविविक्तं तद्विज्ञायते यथा अचार्विति, न पुनरितरैः, तेषां तद्गतविशेषानुपलम्भादिति॥ ८ ॥

: योगदीपिका :

एतच्च सदनुष्ठानं शुद्धाशुद्धतया द्विभेदमित्याह - परिशुद्धमित्यादि ।

परिशुद्धं-सर्वथा शुद्धम् **इदं** - सदनुष्ठानं **नियमाद् -आन्तरपरिणामत**श्चारित्र-मोहक्षयोपशम-जन्यात् **सुष्ठु**-सम्यक्त्वज्ञानमूलत्वेन **परिशुद्धात्**। **अन्यद्** - अपरिशुद्धम् **अतोऽस्मादान्तर**-परिमाणात्, **योऽन्यः** कश्चिद्धेतुर्लाभपूजाख्यात्यादिस्तस्मादपि। एतदपीतरतुल्यत्वेनैव प्रतीयते तत्राह-**बुधविज्ञेयं तु**-तत्त्वविद्भिरेव विज्ञेयम् अचारुतयाऽसुन्दरत्वेन । त एव हि क्षीर-नीर-विवेचका नान्य इति ॥ ८ ॥

એ બાહ્ય ચારિત્રની સાથે શુદ્ધ આંતર પરિણામરૂપ ચારિત્ર એટલે કે - પ્રત્યાખ્યાનાવરણીયકર્મ (ચારિત્રમોહનીય)ના ક્ષયોપશમવાળું આંતરચારિત્ર, આ બાહ્ય-આન્તર ચારિત્રની સાથે સમ્યક્ત્વનું અને ગુરુલાઘવાદિદોષનું જ્ઞાન પણ જોઈએ, તો જ તે ચારિત્ર શુદ્ધચારિત્ર કહેવાય. પૂજા, લાભ, પ્રસિદ્ધિ, આદિના અશુદ્ધ આશયવાળા; મિથ્યાત્વ અને અજ્ઞાનથી કલંકિત ચારિત્રને અશુદ્ધ - અસુંદર ચારિત્ર કહેવાય... ! ચારિત્રની આ અશુદ્ધિ કે શુદ્ધિ મધ્યમ બુદ્ધિવાળા જીવો સમજી શકતા નથી. તેઓ તો ફક્ત મોઘમરીતે (ઓઘથી) આચારને જોનારા હોય છે.

સદનુષ્ઠાનરૂપ બહારથી શુદ્ધ લાગતું ચારિત્ર અશુદ્ધ કઈ રીતે છે ? તે એનાં કેટલાંક લક્ષણો ઉપરથી તત્ત્વવેત્તા બુધપુરુષો જ જાણી શકે છે ! કારણ તેઓ જ ક્ષીર-નીરના ભેદને સમજે છે, બીજા નહિ !! ૮

गुरुदोषारम्भितया लघ्वकरणयत्नतो निपुणधीभिः ।
सन्निन्दादेश्च तथा ज्ञायत एतन्नियोगेन ॥ ९ ॥

: विवरणम् :

कः पुनर्विशेषो यदुपलम्भात् सदनुष्ठानासदनुष्ठानयोरिदमवधार्यतेऽपरिशुद्धमेतदिति? तदुपदर्शनार्थमाह-गुर्वित्यादि ।

गुरून् दोषान्-प्रवचनोपघातकारिणः आरब्धुं शीलमस्येति **गुरुदोषारम्भी** तद्भावस्तया, **लघुषु**-सूक्ष्मेषु **दोषेषु अकरणयत्नः**- परिहारादरस्तस्माच्च **निपुणधीभिः**-कुशलबुद्धिभिः, तथा **सतां**-सत्पुरुषाणां साधुश्रावकप्रभृतीनां **निन्दादि**-निन्दा-गर्हा-प्रद्वेषादिः तस्माच्च **ज्ञायत एतद्** अपरिशुद्धानुष्ठानं **नियोगेन**-अवश्यन्तया । यो हि गुरुदोषादिषु पवर्तते तस्यान्तःकरणशुद्धेरभावादसदनुष्ठानमेतदिति निश्चीयते ॥ ९ ॥

: योगदीपिका :

यथा बुधैरिदमशुद्धं ज्ञायते तथाऽऽह-गुर्वित्यादि ।

गुरून् दोषान् प्रवचनोपघातादीनारब्धुं शीलं यस्य स तथा तत्तया । यो लघुषु-सूक्ष्मेषु दोषेषु-**अकरणयत्नः** परिहारादरस्तस्मान् **निपुणधीभिः** कुशलबुद्धिभिः तथा **सताम्** - सत्पुरुषाणां साधु-श्राद्धादीनां निन्दादेर्गर्हाप्रद्वेषादेश्च **ज्ञायते एतद्** अपरिशुद्धानुष्ठानं **नियोगेन**-अवश्यंतया । गुरुदोषारम्भादेरपरिशुद्धिकार्यत्वात् ॥ ९ ॥

आगमतत्त्वं ज्ञेयं तद्, दृष्टेष्टाविरुद्धवाक्यतया ।
उत्सर्गादिसमन्वितमलमैदम्पर्यशुद्धं च ॥१०॥

: विवरणम् :

'आगमतत्त्वं तु बुधः परीक्षत' इत्युक्तं, किं पुनस्तदित्याह-आगमेत्यादि ।

आगमतत्त्वं ज्ञेयं भवति तत् कथं ज्ञेयं ? - **दृष्टं**-प्रत्यक्षानुमानप्रमाणोपलब्धं **इष्टम्**-

---

★ **એ અશુદ્ધ ચારિત્રને જાણવાનાં લક્ષણો :**

(૧) નાના નાના અને સૂક્ષ્મ દોષોના ત્યાગની કાળજી દેખાય અને

(૨) જૈનશાસનની અપભ્રાજના - નિંદા થાય એવાં કાર્યો કરે, અર્થાત્ મોટા દોષો સેવે.

(૩) સાધુ - શ્રાવક વગેરેની નિંદા - ગર્હા, દ્વેષ વગેરે કરે. મોટા દોષો સેવનારનું અંતઃકરણ શુદ્ધ ન હોવાથી તેમનું ચારિત્ર અશુદ્ધ છે.

કુશળ બુદ્ધિવાળા બુધપુરુષો આ લક્ષણો ઉપરથી અશુદ્ધચારિત્રને સારી રીતે સમજી શકે છે. ૯.

[૩] **બુધ જીવો** : આ બુધ જીવો વિશિષ્ટ વિવેક સંપન્ન હોય છે. એ બુધ જીવો, આગમતત્ત્વને - આગમનાં રહસ્યને સારી રીતે તપાસે છે. કારણકે, ધર્મ-અધર્મની વ્યવસ્થામાં આગમ જ

आगमेन स्ववचनैरेवाभ्युपगतं ताभ्यामविरुद्धानि वाक्यानि यस्मिन्नागमतत्त्वे तत् **दृष्टेष्टाविरुद्धवाक्यं** तद्भावस्तया । योऽर्थः प्रत्यक्षानुमानाभ्यां परिच्छिद्यते तस्मिन् यद् आगमतत्त्वमप्यविरोधि भवति, तद्विरुद्धस्य ताभ्यामेव निराकरणात्, प्रत्यक्षानुमानविरुद्धस्यागमस्याप्रमाणत्वात् । स्ववचनैरेवागमेनाभ्युपगतेऽर्थे प्रदेशान्तरवर्त्तिनाऽस्यैवागमस्य वचनं यदि विरोधि न भवत्यर्थतस्तद् आगमतत्त्वमिष्टाविरोधिवाक्यं भवति, परस्पराविरोधिवचनमित्यर्थः । तदेव विशिनष्टि - **'उत्सर्गादिसमन्वितं'** उत्सर्गः-सामान्यं, यथा 'न हिंस्याद्भूतानि' आदिशब्दादपवादः - विशेषो ग्लानादि-प्रयोजनगतस्ताभ्यां युक्तम् । **अलं**-अत्यर्थं **ऐदंपर्यशुद्धं च**-इदं परं-प्रधानमस्मिन् वाक्य इतीदम्परं तद्भाव ऐदम्पर्यं वाक्यस्य तात्पर्यं शक्तिरित्यर्थस्तेन शुद्धं यदागमतत्त्वं तदिह ज्ञेयमिति ॥१०॥

: योगदीपिका :

आगमतत्त्वमाश्रित्याह-आगमेत्यादि ।

आगमतत्त्वं तत् प्रसिद्धं **ज्ञेयं** भवति, **दृष्टं**-प्रत्यक्षानुमाने, **इष्टम्**-स्वाभ्युपगत आगमस्ताभ्याम्-**अविरुद्धम**बाधितार्थं **वाक्यं** यस्य तत्तया । तथा **उत्सर्गादिना**-उत्सर्गापवादाभ्यां **समन्वितं**, न तु तदेकान्तवाद-दुष्टम् । **अलम्**-अत्यर्थम्, **ऐदम्पर्येण**-भावार्थेन **शुद्धं च**, न तु श्रुतमात्रेणाविच्छिन्नाकाङ्क्षम् ॥१०॥

પ્રમાણભૂત છે. એ આગમ જ જો બરાબર ન હોય, તો એમાં કહેલાં અનુષ્ઠાનો ઉપર કેવી રીતે ભરોસો રખાય?

★ **આગમતત્ત્વની પરીક્ષા-શુદ્ધિ ત્રણ વસ્તુના આધારે :**

(૧) આગમવચનમાં દૃષ્ટ અને ઈષ્ટનો વિરોધ ન જોઈએ અર્થાત્ દૃષ્ટ અને ઈષ્ટ સાથે આગમવચનનો અવિરોધ હોવો જોઈએ. (સમાનતા હોવી જોઈએ.)

(૨) આગમવચન ઉત્સર્ગ અને અપવાદથી યુક્ત હોવું જોઈએ.

(૩) આગમવચન ઐદંપર્યશુદ્ધ હોવું જોઈએ અર્થાત્ તાત્પર્યશુદ્ધ હોવું જોઈએ. એમાં -

(૧) દૃષ્ટ - ઈષ્ટનો અવિરોધ :

દૃષ્ટ સાથે એટલે કે પ્રત્યક્ષ દેખાતી વસ્તુ (પ્રત્યક્ષપ્રમાણ) સાથે વિરોધ ન હોવો જોઈએ. જેમ કે - અનેક આત્માઓ નજરે દેખાય છે છતાં આત્મા એક જ છે, એવું કથન કરવું-એ પ્રત્યક્ષવિરોધી વચન ગણાય. એ જ રીતે આગમવચન, અનુમાનપ્રમાણથી સિદ્ધ થતી વસ્તુનું વિરોધી ન હોવું જોઈએ. "આત્મા નિત્ય જ છે" એવું કહેનાર આગમ, અનુમાનનું વિરોધી છે.

એ જ રીતે આગમ ઈષ્ટનું વિરોધી પણ ન હોવું જોઈએ. જે આગમે એક જગ્યાએ કોઇ વાત સ્વીકારી હોય, માન્ય રાખી હોય; એ જ વાતનો, એ જ આગમમાં બીજી જગ્યાએ નિષેધ કર્યો હોય, અસ્વીકાર કર્યો હોય ; તો એ ઈષ્ટવિરોધી આગમ કહેવાય.

આ રીતે દૃષ્ટ અને ઈષ્ટનું વિરોધી આગમ અશુદ્ધ ગણાય. દૃષ્ટ અને ઈષ્ટનું અવિરોધી આગમ જ શુદ્ધ ગણાય.

आत्माऽस्ति स परिणामी, बद्धः सत्कर्मणा विचित्रेण ।
मुक्तश्च तद्वियोगाद्, हिंसाहिंसादि तद्धेतुः ॥११॥

: विवरणम् :

तदेवागमतत्त्वमुपन्यस्यति ग्रन्थकारः - आत्मेत्यादि ।

आत्मा-जीवः सोऽ**स्ति**, लोकायतमतनिरासेनैवं यत्र प्रतिपाद्यते तदागमतत्त्वमिति, एवं पदान्तरेष्वपि सम्बन्धनीयं, **स परिणामी** सः-पूर्वप्रस्तुत आत्मा परिणामी-परिणामसहितः, पञ्चस्वपि गतिष्वन्वयी चैतन्यस्वरूपः पुरुषः, परिणामलक्षणं चेदं-

परिणामो ह्यर्थान्तरगमनं न च सर्वथा व्यवस्थानम् ।
न च सर्वथा विनाशः परिणामस्तद्विदामिष्टः ॥१॥

मुक्तश्च तद्वियोगात्-कर्मवियोगाद्-आत्यन्तिककर्मपरिक्षयात् । '**हिंसाहिंसादि तद्धेतु**'रिति हिंसा आदिर्यस्य तद्धिंसादि-प्राणातिपातादिपञ्चकम्, अहिंसा आदियस्य तदहिंसादि-महाव्रतपञ्चकं, तयोर्बद्धमुक्तयोः अर्थतो बन्धमोक्षयोर्वा हेतुर्वर्तते हिंसादि अहिंसादि चेति ॥११॥

: योगदीपिका :

तदेवागमतत्त्वमुपन्यस्यति आत्मास्तीत्यादि ।

---

(२) **उत्सर्ग अने अपवादथी युक्त :**

उत्सर्ग एटले मूळविधान-मुख्यमार्ग. जेम के - कोई जीवनी हिंसा न करवी. अपवाद एटले उत्सर्गमार्गनी पोषक छूटछाट. बीमारी वगेरेना कारणे, हिंसा दोषवाळो - आधाकर्मी आहार वापरवानी छूट आपवामां आवी छे. आवा उत्सर्ग अपवाद बंने बताव्या होय ए ज आगम शुद्धआगम कहेवाय. जो अपवाद-मार्गनो उपयोग न करे तो असमाधिमां पडे, चारित्रादिना भाव गुमावे, कठोर कर्म बांधे, दुर्गतिमां जाय, जीवोनो हिंसक बने अने जो अपवाद सेवी, साजा थई, प्रायश्चित्तथी शुद्धि करी ले अने उत्तम अहिंसायुक्त चारित्र पाळे तो ऊंचे चढे, अनेकोने अहिंसाना मार्गे वाळी शके; माटे उत्सर्ग के अपवादना एकांतमार्गथी - विधानथी दूषित आगम, शुद्ध आगम न कहेवाय. १०.

(३) **ऐदंपर्य शुद्ध :**

परिशुद्ध आगमतत्त्व (१) आत्मा छे. (२) आत्मा परिणामी नित्य छे. (३) आत्मा विचित्र प्रकारनां वास्तविक (काल्पनिक नहीं) कर्मथी बंधाय छे. (४) ए कर्मोथी आत्मा मुक्त पण थई शके छे. (५) आत्माने कर्मथी बंधावाना हेतुओ हिंसा वगेरे छे अने कर्मथी मुक्त थवाना हेतुओ अहिंसादि छे.

आ रीते जे आगमोमां आत्मा वगेरे तत्त्वो मानवामां आव्यां होय, ते ज आगम ऐदंपर्यशुद्ध कहेवाय.

आत्मा जीवः **स अस्ति**, एतेन चार्वाकमतनिरासः । **स परिणामी**-परिणामसहितो न तु कूटस्थनित्यः, एतेन साङ्ख्यादिमतनिरासः । तथा **बद्धः-सता** वस्तुसता न तु कल्पिताविद्यादि-स्वभावेन **कर्मणा विचित्रेण** नानारूपेणैतेन वेदान्त्यादिमतनिरासः । **मुक्तश्च तद्वियोगात्**कर्म-क्षयाद् **हिंसाहिंसादि** तयोर्बन्धमोक्षयोर्हेतुः । एवं यत्र प्रतिपाद्यते तदागमतत्त्वमिति योजना ॥११॥

परलोकविधौ मानं वचनं तदतीन्द्रियार्थदृग्व्यक्तम् ।
सर्वमिदमनादि स्यादैदम्पर्यस्य शुद्धिरिति ॥१२॥

: विवरणम् :

'ऐदम्पर्यशुद्धं चे' त्युक्तं, का पुनः सा शुद्धिरैदम्पर्यस्येत्याह-परलोकेत्यादि ।

परलोकविषयो **विधिः**-कर्त्तव्योपदेशस्तस्मिन् **मानं**-प्रमाणं **वचनं**-आगमः, कीदृशमित्याह-**तद्**-वचनं अतीन्द्रियानर्थान् पश्यतीति **अतीन्द्रियार्थदृक्**-सर्वज्ञः सर्वदर्शी तेन **व्यक्तं**-अभिव्यक्तार्थं प्रतिपादितार्थमितियावत् । **सर्वमिदं** - वचन**मनादि स्यात्** प्रवाहतः सर्वक्षेत्राङ्गीकरणेन, **इदमैदम्पर्यस्य शुद्धि**रित्येवंप्रकाराऽवसेयेति ॥१२॥

નાસ્તિકમત પ્રમાણે આત્મા શરીરરૂપ છે. શરીર એ જ આત્મા છે. નૈયાયિકદર્શન પ્રમાણે આત્મા નિત્ય જ છે. બૌદ્ધમત પ્રમાણે આત્મા એકાંતે અનિત્ય જ છે. સાંખ્યમત પ્રમાણે આત્મા કર્મથી બંધાતો જ નથી. બૌદ્ધ મત મુજબ કાલ્પનિક વાસનાથી બંધાય છે. વૈશેષિકમત પ્રમાણે અમૂર્ત ગુણથી બંધાય છે અને અભવ્યની માન્યતા પ્રમાણે જીવ કર્મથી મુક્ત થતો જ નથી.

જેમાં આવાં અસત્ય પ્રતિપાદનો હોય એ આગમો ઐદંપર્યશુદ્ધ ન ગણાય.

'આત્મા છે' એમ કહેવાથી નાસ્તિકમતનું (ચાર્વાક) ખંડન થયું. 'આત્મા પરિણામી છે' એમ કહેવાથી આત્માને કૂટસ્થનિત્ય માનનાર સાંખ્યાદિમતનું ખંડન થયું. 'વાસ્તવિક કર્મથી બંધાય છે' એમ કહેવાથી કલ્પિત અવિદ્યાના બંધનને માનનાર વેદાંતી વગેરેનું ખંડન થયું. 'જીવ મુક્ત થાય છે' એમ કહેવાથી અભવ્યના મતનું ખંડન થાય છે. ગત્યંતર (પાંચે ગતિમાં) ગમન એ પરિણામ છે. આત્મા એક જ અવસ્થામાં કાયમ રહેતો નથી. સર્વથા નાશ પણ પામતો નથી. માત્ર અવસ્થા બદલાય છે. આ વાત આત્મના જાણકારોને ઇષ્ટ છે. આવું જ્યાં કહેવાયું છે તે આગમતત્ત્વ (શુદ્ધ) છે. એમ જોડાણ કરવું. ૧૧

આગમની ઐદંપર્યશુદ્ધિ :

પરલોક હિતકારી વિધિ-નિષેધમાં, પ્રમાણભૂત આગમવચન જ છે. એ વચનના ઉપદેશક, પ્રકાશક અતીન્દ્રિય પદાર્થોને સાક્ષાત્ જોનાર સર્વજ્ઞ - સર્વદર્શી પુરુષો જ હોઇ શકે !

: योगदीपिका :

आत्मनः परिणामित्वादिकं दृष्टेष्टाबाधितमित्यागमतत्त्वस्य दृष्टेष्टाविरुद्धवाक्यत्व-मुपदर्शितम्, उत्सर्गापवादयुक्तत्वञ्च स्फुटमेव, तत्सूत्राणां बहूनामुपलम्भाद्, अथैदम्पर्यशुद्धि-मुपदर्शयति-परेत्यादि ।

परलोकविधौ-आमुष्मिकफलोपदेशे **मानं**-स्वतन्त्रप्रमाणं **वचन**मागमः **तद्** वचनं **अतीन्द्रियार्थदृशा** सर्वज्ञेन **व्यक्तं** प्रतिपादितार्थम्, अन्यस्यादृष्टार्थाभिधान-शक्त्यभावात्। **सर्वमिदं** वचनम् **अनादि स्यात्** सर्वक्षेत्रापेक्षं प्रवाहतः, तत आपातविरुद्धेऽप्यर्थे एतदाज्ञैव प्रमाणम् 'इत्येवंप्रकारैः **ऐदम्पर्यस्य शुद्धि**रवसेया ॥१२॥

बालादिभावमेवं सम्यग् विज्ञाय देहिनां गुरुणा ।
सद्धर्मदेशनाऽपि हि कर्त्तव्या तदनुसारेण ॥१३॥

: विवरणम् :

एवं त्रयाणां सद्धर्मपरीक्षकाणां सप्रपञ्चं लक्षणमभिधाय तद्गतदेशनाविधिमाह - बालादीत्यादि।

बालादीनां भावः- परिणामविशेषः स्वरूपं वा तं **एवं**-उक्तनीत्या **सम्यग्**-अवैपरीत्येन **विज्ञाय**-अवबुध्य **देहिनां**-जीवानां **गुरुणा**-शास्त्राभिहितस्वरूपेण, यथोक्तं-

धर्मज्ञो धर्म-कर्ता च, सदा धर्म-प्रवर्त्तकः ।
सत्त्वेभ्यो धर्म-शास्त्रार्थ-देशको गुरुरुच्यते ॥१॥

આગમવચનની પ્રરૂપણા પણ, અનાદિકાળથી ચાલી આવે છે અને તેવા પૂર્વપુરુષોનાં વચનોના અવલંબને જ થતી આવે છે. આગમવચન પ્રત્યેની આવી માન્યતા ઐદંપર્યની શુદ્ધિ ગણાય. બુધ જીવ જ આ રીતે આગમની પરીક્ષા કરી શકે છે. ઉપલકદૃષ્ટિએ કે સ્થૂલદૃષ્ટિએ વિરુદ્ધ અર્થ જણાતો હોય તો પણ સર્વજ્ઞ ભગવંતની આજ્ઞા જ પ્રમાણ છે; એમ સચોટ રીતે માનવું જોઈએ અને એ જ ઐદંપર્યની શુદ્ધિ જાણવી. ૧૨

બાળ - મધ્યમ અને બુધ જીવને કેવી દેશના આપવી ?

ઉપર મુજબ, બાળ-મધ્યમ અને બુધ પુરુષોને ઓળખી, એમની કક્ષા મુજબ તેમને સદ્ધર્મની દેશના આપવી.

ઉપદેશક ગુરુ કેવા જોઈએ ?

(૧) ધર્મના જ્ઞાતા (૨) ધર્મનું આચરણ કરનારા (૩) હંમેશા ધર્મ કરાવનારા અને (૪) જીવોને ધર્મશાસ્ત્રના ઉપદેશક હોય તે ગુરુ કહેવાય.

(૧) **બાળ જીવોને** : વેષ પાછળ જરૂરી આચાર સંહિતાનો ઉપદેશ આપવો. કારણકે, એ વેષ માત્રમાં જ અટકી ગયા છે. એને એ બાળની કક્ષામાંથી મધ્યમની કક્ષામાં લાવવા માટે આચારનો ઉપદેશ આપવો યોગ્ય ગણાય.

सद्धर्मस्य देशनाऽपि हि-प्रतिपादना **कर्त्तव्या तदनुसारेण**-बालादिपरिणामानुरूपेण। यस्य यथोपकाराय संपद्यते देशना तस्य तथा विधेयेति ॥१३॥

: योगदीपिका :

एवं सद्धर्मपरीक्षकाणां बालादिभेदत्रयमुक्त्वा तद्गतदेशनाविधिमाह-बालादीत्यादि।

बालादीनां भावं रुचिविशेष**मेव**मुक्तरीत्या **सम्यग्**-अवैपरीत्येन **विज्ञाय**-अवबुध्य, **देहिनां गुरुणा सद्धर्मदेशनापि हि तदनुसारेण**-बालादिपरिणामानुरूपेण **कर्त्तव्या** तथैव तदुपकारसम्पत्तेः ॥१३॥

यद्भाषितं मुनीन्द्रैः, पापं खलु देशना परस्थाने ।
उन्मार्गनयनमेतद्, भवगहने दारुणविपाकम् ॥१४॥

: विवरणम् :

अत्रैव हेतुद्वारेण व्यतिरेकमाह - यदित्यादि ।

यद्-यस्माद् **भाषितम्** - उक्तं **मुनीन्द्रैः** - समयज्ञैः **पापं खलु** वर्तते **देशना परस्थाने**-बालसम्बन्धिनी मध्यमबुद्धेः तत्सम्बन्धिनी बुधस्य स्थाने । किमित्याह-**उन्मार्गनयनम्**-उन्मार्गप्रापणं **एतद्**-विपरीतदेशनाकरणं **भवगहने**-संसारगहने **दारुणविपाकं**-तीव्रविपाकं, ते हि विपरीतदेशनयान्यथा चान्यथा च प्रवर्त्तन्त इतिकृत्वा ॥१४॥

: योगदीपिका :

उक्तमेवार्थं व्यतिरेकेण द्रढयति-यदित्यादि ।

यद्-यस्माद् भाषितं **मुनीन्द्रैः**-परमज्ञानिभिः **पापं खलु वर्तते देशना परस्थाने**-बालादियोग्या मध्यमादिस्थाने एतद्विपरीतदेशनाकरणमपरिणामस्यातिपरिणामस्य वा जननात्

---

(२) **मध्यम जीवोने :** सदनुष्ठानमां (आचारमां) जरूरी शुद्धआशयनी अने मोटा दोषोना त्यागनी देशना आपवी जोईए. आ जीवो आचारना प्रेमी होवा छतां, एमने शुद्ध आचारना प्रेमी बनाववा माटे एवी देशना आपवी योग्य गणाय.

(३) **बुध जीवोने :** शुद्ध आगमतत्त्वनी देशना आपवी जोईए. जगतमां जुदा जुदा अनेक प्रकारनां आगमतत्त्वो होवाथी, शुद्ध आगमतत्त्वनी देशना एमने उपकारक थई शके. १३

आ रीते बाळ - मध्यम के बुध जीवोमां खूटतुं एवुं आगळ आगळनुं तत्त्व उपदेशवुं जोईए, जेथी तेमने लाभ थाय.

पापदेशना :

बाळनो उपदेश मध्यमने, मध्यमनो उपदेश बुधने, बुधनो उपदेश बाळने, अपाय ए देशना परस्थानदेशना कहेवाय. एवी परस्थान देशनाने पापदेशना कही छे. एथी श्रोतावर्ग

श्रोतुरुन्मार्गनयनं-भवगहने संसारकानने **दारुणविपाकं** वा, कुशीलतया महानर्थहेतुत्वप्रतिपादनात् ॥१४॥

हितमपि वायोरौषधमहितं तत् श्लेष्मणो यथाऽत्यन्तम् ।
सद्धर्मदेशनौषधमेवं बालाद्यपेक्षमिति ॥१५॥

: विवरणम् :

कथं पुनर्देशना स्वरूपेण समयोक्तत्वेन सुन्दराऽपि सती परस्थाने पापमित्याह- हितमित्यादि।

हितमपि - योग्यमपि **वायोः** - शरीरगतस्य वातस्य **औषधं** - स्नेहपानादि **अहितं** तदेवौषधं **श्लेष्मणो यथाऽत्यन्तं** भवति तत्प्रकोपहेतुत्वेन, **सद्धर्मदेशनौषधं** - स्वरूपेण सुन्दरमपि तदवज्ञानहेतुत्वेन **एव**महितं **बालाद्यपेक्षमिति** - बालमध्यमबुद्धिबुधापेक्षम् । तस्मात्तदपायभीरुणा तद्धितप्रवृत्तेन च गुरुणा तेषां भावं विज्ञाय देशना विधेयेति शास्त्रोपदेशः ॥१५॥

: योगदीपिका :

समयोक्तत्वेन स्वरूपतः शोभनाया अपि देशनायाः परस्थानेऽहितत्वे दृष्टान्तमाह- हितमित्यादि।

तत्-प्रसिद्धमौषधं स्नेहपानादि **वायोः**-शारीरवातस्य सात्म्यापादकत्वेन हितमपि यथा **श्लेष्मणोऽत्यन्तमहितं** भवति तत्प्रकोपहेतुत्वाद्, **एवं सद्धर्मदेशनौषधं** मध्यमादियोग्यं बालाद्यपेक्षं तदज्ञानहेतुतया स्वरूपतः सुन्दरमप्यहितं भवति । तस्मात्तदपायभीरुणा तद्भावं विज्ञाय देशना विधेयेत्युपदेशः ॥१५॥

માર્ગને બદલે ઉન્માર્ગે ખેંચાઇ જાય છે અને જીવો અપરિણત કે અતિપરિણત બને છે. એ ઉપદેશના આધારે ધર્મની વિપરીત પ્રવૃત્તિ કરી, જીવો સંસારમાં ભટકે છે, એથી બંધાયેલા અશુભકર્મનું કટુફળ ભોગવે છે. **૧૪**

સ્વરૂપે ધર્મદેશના શાસ્ત્રીય - સારી હોવા છતાં, પરસ્થાનમાં અપાય તો નુકશાનકારક થાય છે.

જેમ વાયુના દરદીને હિતકારી ઔષધ, શ્લેષ્મ-કફના દરદીને આપવામાં આવે તો, લાભ કરવાને બદલે ઊલટો શ્લેષ્મ-કફનો પ્રકોપ થાય છે; એમ મધ્યમ આચારવાળા અથવા તો શુદ્ધચારિત્રના ગવેષક મધ્યમજીવને, બાળયોગ્ય ઉપદેશ આપવો અથવા પ્રાથમિક આચારનું પણ જેનામાં ઠેકાણું નથી એવા બાળજીવોને, ઊંચાં તત્ત્વોનો ઉપદેશ આપવો હિતકારી ન ગણાય ; માટે તે તે કક્ષાના જીવોને સમજીને કક્ષા પ્રમાણે દેશના આપવી એ શાસ્ત્રનો ઉપદેશ છે. **૧૫**

एतद्विज्ञायैवं यथोचितं शुद्धभावसम्पन्नः ।
विधिवदिह यः प्रयुङ्क्ते, करोत्यसौ नियमतो बोधिम् ॥१६॥

: विवरणम् :

पूर्वोक्तमर्थं निगमयति-एतदित्यादि ।

एतद्-देशनागतं **विज्ञाय**-अवबुध्य **एवम्**-उक्तनीत्या **यथोचितं**-यथार्हं **शुद्धभावसम्पन्नो** गुरुः **विधिवद्**-विधिना **यः प्रयुङ्क्ते** प्रवर्त्तयति बालादिविषये **करोति**-जनयति **असौ**- गुरुः **नियमतो**-नियमेन **बोधिमिति** ॥१६॥

इति श्रीमद्यशोभद्रसूरिकृत - षोडशाधिकारविवरणे प्रथमोऽधिकारः ।

: योगदीपिका :

उक्तमर्थं निगमयन्नाह-एतदित्यादि ।

एतद्देशनास्वरूपमेवमुक्तप्रकरेण **विज्ञाय यथोचितं** यथार्हं **शुद्धभावसम्पन्नो विधिवद्विधिना य इह** बालादिलोके **प्रयुङ्क्ते** प्रवर्तयाति सद्धर्मदेशनौषधं **असौ नियमतो बोधिं (करोति)** जनयति ॥१६॥


इति न्यायविशारदमहोपाध्यायश्रीमद् यशोविजयगणिप्रणीत-योगदीपिकाव्याख्यायां प्रथमोऽधिकारः ॥

॥ इति सद्धर्मपरीक्षकाधिकारः ॥

કહેવાનું તાત્પર્ય એ છે કે - ધર્મદેશના તે તે જીવની કક્ષા પ્રમાણે આપવી.

આ રીતે શુદ્ધભાવસંપન્ન ગુરુએ દેશના સંબંધી હકીકત જાણીને, ઉપર કહેલી વિધિપૂર્વક દેશના આપવી. એ રીતે દેશના આપનાર ગુરુ નિયમા-નિશ્ચિતપણે એ જીવોને બોધિ પ્રાપ્ત કરાવે છે અર્થાત્ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરાવે છે. **૧૬**

प्रथम षोडशक समाप्त.....



॥ अथ द्वितीयः सद्धर्मदेशनाधिकारः ॥

बालादीनामेषां यथोचितं तद्विदो विधिर्गीतः ।
सद्धर्म्मदेशनायामयमिह सिद्धान्ततत्त्वज्ञैः ॥१॥

: विवरणम् :

'गुरुर्बालादीनां देशनां विदधाती' त्युक्तं, तत्र विधिमाह-बालादीनामित्यादि ।

बालादीनामेषां-पूर्वोक्तानां **यथोचितं**-यथार्हं **तद्विदो**-बालादिस्वरूपविदो **विधिर्गीतः**-कथितः **सद्धर्मदेशनायां** विषये **अयमिह**-वक्ष्यमाणः **सिद्धान्ततत्त्वज्ञैः**-आगमपरमार्थ-निपुणैरिति ॥१॥

: योगदीपिका :

गुरुर्बालादीनां विधिना देशनां दद्यादित्युक्तं तद्विधिमेवाह-बालादीनामित्यादि ।

बालादीनां प्रागुक्तानां, **तद्विदः**तत्स्वरूपविदः, **सद्धर्मदेशनायामयमिह** वक्ष्यमाणः **सिद्धान्त-तत्त्वज्ञैर्**विधिर्गीतः ॥१॥

बाह्यचरणप्रधाना, कर्त्तव्या देशनेह बालस्य ।
स्वयमपि च तदाचारस्तदग्रतो नियमतः सेव्यः ॥२॥

: विवरणम् :

तत्र बालस्य परिणाममाश्रित्य हितकारिणीं देशनामाह-बाह्येत्यादि ।

बाह्यचरणप्रधाना-बाह्यानुष्ठानप्रवरा **कर्त्तव्या**-विधेया **देशना**-प्ररूपणा **इह**-प्रक्रमे **बालस्य**-आद्यस्य धर्मार्थिनः, **स्वयमपि** च-आत्मनापि च **तदाचारः**-स चासावाचारश्चोपदिश्यमानाचारः तदग्रतो-बालस्याग्रतः **नियमतो**-नियमेन **सेव्यो**-भवत्याचरणीयः, यदि पुनः स्वयमन्यथा सेव्यते अन्यथा चोपदिश्यते तदा तद्वितथाशङ्कां जनयति, अतस्तद्भाववृद्धये समुपदिश्यमानं तथैवाऽऽसेव्यमिति ॥२॥

---

૨ – સદ્ધર્મ દેશના ષોડશક

જીવોના બાલાદિ સ્વરૂપને જાણનાર ગુરુ માટે દેશના આપવાનો વિધિ, આગમનાં રહસ્યને જાણનાર જ્ઞાની મહાપુરુષોએ, નીચે મુજબ કહ્યો છે. ૧

(i) બાળજીવોને યોગ્ય ધર્મદેશના :- બાળજીવોના પરિણામના આધારે, એ જીવોને હિતકરનારી ધર્મદેશના આપવી.

પહેલા પ્રકારના ધર્મના અર્થી અને ધર્મના પરીક્ષક બાળજીવોને, મુખ્યત્વે બાહ્ય આચાર - અનુષ્ઠાનવાળી દેશના આપવી અને દેશનાદાતા ગુરુમહારાજે પણ એ આચારોનું બાળજીવો આગળ કડકરીતે પાલન કરવું. બાળજીવોને ઉપદેશમાં બતાવાતો (કહેવામાં આવતો) કડક આચાર, દેશના દાતા ગુરુ-મહારાજ પોતે જો ન પાળે તો ધર્મમાં વિપરીતપણાની શંકાથી શ્રોતામાં

: योगदीपिका :

तत्र बालोचितदेशनामाह बाह्येत्यादि ।

इह-प्रक्रमे **बालस्य**-आद्यस्य धर्मार्थिनो **बाह्याचरणप्रधाना**- बाह्याचारमुख्योद्देश्यका **देशना** कर्त्तव्या, **स्वयमपि**-चात्मनापि च, **तदाचारो**-बाह्याचार**स्तदग्रतो**-बालस्याग्रतो **नियमतः सेव्यो** भवति, स्वयमुपदिश्यमानाचाराऽकरणे वितथाशङ्क्या श्रोतुर्मिथ्यात्ववृद्धिप्रसंगात् ॥२॥

सम्यग् लोचविधानं, ह्यनुपानत्कत्वमथ धरा शय्या ।
प्रहरद्वयं रजन्याः, स्वापः शीतोष्णसहनं च ॥३॥
षष्ठाष्टमादिरूपं, चित्रं बाह्यं तपो महाकष्टम् ।
अल्पोपकरणसन्धारणं च तच्छुद्धता चैव ॥४॥
गुर्वी पिण्डविशुद्धिश्चित्रा द्रव्याद्यभिग्रहाश्चैव ।
विकृतीनां सन्त्यागस्तथैकसिक्थादिपारणकम् ॥५॥
अनियतविहारकल्पः, कायोत्सर्गादिकरणमनिशं च ।
इत्यादि बाह्यमुच्चैः, कथनीयं भवति बालस्य ॥६॥

: विवरणम् :

तामेव बालस्य देशनामाह-सम्यगित्यादि ।

सम्यग् लोचविधानं-लोचकरणं कथनीयं भवतीति योगः, हिशब्दश्चार्थे सर्वत्राभि-सम्बन्धनीयः, **अनुपानत्कत्वं** च-न विद्येते उपानहौ यस्य सोऽयमनुपानत्कस्तद्भावस्तत्त्वं। **अथ धरा शय्या**-धरा-पृथ्वी सैव शय्या-शयनीयं नान्यत् पर्यङ्कादि, **प्रहरद्वयं रजन्याः स्वापः**-प्रथमयामे स्वाध्यायकरणं सामान्येनैव साधूनां, द्वितीयतृतीय-प्रहरयोस्तु स्वापः-

---

(બાળજીવોમાં) મિથ્યાત્વની વૃદ્ધિનો પ્રસંગ ઊભો થાય.

જીવો સુખશીલિયાપણાથી અને સુખશીલિયાપણાને પોષવા જીવહિંસાદિ પાપો કરીને સંસારમાં ભટકે છે. એ હિંસાદિ પાપોને તથા ભવભ્રમણને અટકાવવા સુખશીલિયાપણું છોડી કષ્ટમય આચારનું પાલન કરવું જોઈએ અર્થાત્ એ બાળજીવોના ભાવની વૃદ્ધિ માટે જે રીતે આચારનો ઉપદેશ કરાય તે રીતે તેનું પાલન પણ પોતે કરવું જોઈએ. ૨

કષ્ટમય આચારો :

(૧) **લોચ કરાવવો :** હજામત કરાવવામાં સુખશીલતા અને પાણીના જીવોની હિંસા વગેરે દોષો છે.

(૨) **ખુલ્લા પગે ચાલવું :** વિહાર કરવો. હિંસા, ઘોરહિંસાથી બચવા અને અહિંસાધર્મના પાલન માટે પગરખાં વગર ચાલવું એ સુંદર આચાર છે.

स्वपनं, चतुर्थे पुनः स्वाध्यायकरणं समय-नीत्या। **शीतोष्णसहनं च** - शीतोष्णयोः सहनं, स्वसामर्थ्यापेक्षमार्त्तध्यानादिपरिहारेण ॥३॥

षष्ठेत्यादि। **षष्ठाष्टमादिरूपं** समयप्रसिद्धं **चित्रं**-नानाप्रकारं **बाह्यं तपो महाकष्टं**-दुरनुचरमल्प-सत्त्वैर्दुर्बलसंहननैश्चेतिकृत्वा। **अल्पोपकरणसन्धारणं च** -अल्पमेवोपकरणं सन्धारणीयम्। **तच्छुद्धता चैव** उद्गमादिदोषविशुद्ध्या (दोषत्यागश्च प्र०) ॥४॥

गुर्वीत्यादि। **गुर्वी पिण्डविशुद्धिः** आधाकर्मादित्यागेन। **चित्रा द्रव्याद्यभिग्रहाश्चैव**-द्रव्य-क्षेत्र-काल-भावाभिग्रहाः समय-प्रसिद्धाः, **विकृतीनां सन्त्यागः** क्षीरादीनां, **तथैकसिक्थादि पारणकं**-एकं सिक्थं यत्र तदेकसिक्थं भोजनं पारणके, आदि-शब्दादेक-कवलादि ग्रहः ॥५॥

अनियतेत्यादि। **अनियतविहारकल्पः** - अनियतश्चासौ विहारश्च नैकक्षेत्र- वासित्त्वे तस्य कल्पः - समाचारः। **कायोत्सर्गादिकरणमनिशं च** कायोत्सर्गस्यादिशब्दान्निषद्यादेश्च करणम्-आसेवनम्, इत्यादि **बाह्यमुच्चैः** (उच्चैः अतिशयेन आदिना प्रत्यन्तरे) बाह्यमनुष्ठानं प्रतिश्रय-प्रत्युपेक्षण-प्रमार्ज्जन- कालग्रहणादि, **कथनीयं भवति बालस्य**-सर्वथोपदेष्टव्यं हितकारीति ॥६॥

: योगदीपिका :

तस्या एव बालदेशनाया अभिलापमाह-सम्यगित्यादि।

सम्यग्-यथोपदेशं **लोचविधानं** यतीनामावश्यकं। हिशब्दश्चार्थे सर्वत्र सम्बन्धनीयः **अनुपानत्कत्वं च**-पादत्राणरहितभावश्च। **अथ धरैव शय्या** नान्यत्पर्यंकादि। **रजन्याः प्रहरद्वयं** द्वितीयतृतीयौ प्रहरावेव **स्वापः**- शयनं प्रथमचतुर्थयोः स्वाध्याय एव प्रवृत्तेः। **शीतोष्णसहनं तथा** - अनुकूलप्रतिकूल-परीषह - तितिक्षा ॥३॥

षष्ठेत्यादि। **षष्ठाष्टमादिरूपं** समयप्रसिद्धं, **चित्रं**-नानाप्रकारं **बाह्यं तपो महाकष्टम्**-

---

(૩) **જમીન ઉપર શયન કરવું :** પલંગ વગેરેનો ઉપયોગ ન કરવો.

(૪) **શાસ્ત્રાજ્ઞા મુજબ રાત્રે બે પ્રહર** - લગભગ ૬ કલાકની **નિદ્રા લેવી :** બાકીના (પહેલા/છેલ્લા) બે પ્રહરમાં સ્વાધ્યાય-ધ્યાન કરવું.

(૫) પોતાની **શક્તિ અનુસાર** આર્તધ્યાનાદિના ત્યાગપૂર્વક **ઠંડી-ગરમી સહન કરવી :** અગ્નિ, પાણી વગેરેનો ઉપયોગ ન કરવો. ૩

(૬) **છટ્ઠ-અટ્ઠમ :** વગેરે કષ્ટમય વિવિધપ્રકારની તપશ્ચર્યાઓ કરવી, કે જે તપશ્ચર્યાઓને અલ્પ સત્ત્વવાળા, નિર્બળ સંઘયણવાળા જીવો કરી શકતા નથી.

(૭) **ઉપધિ :** સંયમનાં ઉપકરણો - અલ્પપ્રમાણમાં અને તે પણ નિર્દોષ રાખવાં. ૪

(૮) **ભિક્ષાચર્યા :** આધાકર્માદિ દોષરહિત આહાર મેળવીને વાપરવો.

अल्पसत्त्वैर्दुर्बलसंहननैश्च दुरनुचरमितिकृत्वा । **अल्पस्यैवोपकरणस्यो**पध्यादेः **संधारणं** च, **तच्छुद्धता** चैव-उद्गमादिदोषशुद्ध्या ॥४॥

गुर्वीत्यादि । **गुर्वी पिण्डविशुद्धि**राधाकर्मिकादित्यागेन **द्रव्याद्यभिग्रहाः** - द्रव्यक्षेत्रकाल-भावाभिग्रहाश्चैव **चित्रा** नानाप्रकाराः समयप्रसिद्धाः । **विकृतीनां** क्षीरादीनां **सन्त्यागः** । **तथैकं सिक्थं** यत्र तदादि**पारणकम्**, उपवासादि-तपो-दिनान्तर-दिन-भोजनम्, आदिनैक - कवलादिग्रहः ॥५॥

अनियतेत्यादि । **अनियत**स्याप्रतिबद्धस्य **विहारस्य कल्पः** - समाचारो नवकल्पादिनीत्या । च पुनरनिशं कायोत्सर्गादिकरणम्, आदिना तापनादिग्रहः । **इत्यादि बाह्य**मनुष्ठान**मुच्चै**रतिशयेन **बालस्य कथनीयं भवति** । आदिना प्रतिश्रय-प्रत्युपेक्षण-प्रमार्जन-कालग्रहणादि-ग्रहणम् ॥६॥

मध्यमबुद्धेस्त्वीर्यासमितिप्रभृति त्रिकोटिपरिशुद्धम् ।
आद्यन्तमध्ययोगैर्हितदं खलु साधुसद्वृत्तम् ॥७॥

: विवरणम् :

इदानीं मध्यमबुद्धेर्देशनाविधिमाह-मध्यमेत्यादि ।

मध्यमबुद्धेस्तु- मध्यमबुद्धेः पुनः, **ईर्यासमितिप्रभृति**-ईर्यासमित्यादिकं, प्रवचनमातृरूपं **साधुसद्वृत्तं** समाख्येयमिति योगः । तच्च कीदृशं साधूनां सद्वृत्तं ? -

---

(૯) નિર્દોષ આહાર મેળવવામાં પણ શાસ્ત્રમાં કહેલા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના **અભિગ્રહો ધારણ કરવા.**

(૧૦) દૂધ - દહીં - ઘી વગેરે **વિગઈઓનો ત્યાગ** કરવો.

(૧૧) અવસરે ઉપવાસાદિના પારણે **એક દાણા વગેરેથી** કે એક કોળિયા વગેરેથી **તપનું પારણું** કરવું. ૫

(૧૨) એક સ્થાનમાં ન રહેતાં કે નિયતગામોમાં વિહાર ન કરતાં, **અનિયત** (અપ્રતિબદ્ધ) **વિહારથી** માસકલ્પાદિ આચાર પાળવો. (નવકલ્પી વિહાર કરવો.)

(૧૩) **હંમેશા કાયોત્સર્ગ વગેરે** તથા આતાપના વગેરે કરવું. આદિશબ્દથી ઉપાશ્રયનું પડિલેહણ-પ્રમાર્જન, કાલગ્રહણ વગેરે બાહ્યક્રિયાઓ સમજવી.

આ બાહ્યઆચાર - આ ક્રિયાઓ કલ્યાણના અર્થી આત્માઓએ અવશ્ય કરવી જોઈએ. માનવજીવનનો આ જ સાર છે.

આચારની પ્રધાનતાવાળો આવો ઉપદેશ, ગુરુએ બાળજીવોને આપવો હિતકારી છે. ૬

(ii) મધ્યમ બુદ્ધિ જીવોને યોગ્ય ધર્મદેશના : માનવજન્મને સફળ કરવા ધર્મનાં અનુષ્ઠાનો સેવવાં જોઈએ, પરંતુ એ અનુષ્ઠાનો જેવાં તેવાં અને જેમ તેમ આચરેલાં ન ચાલે. વિવેકપૂર્વક,

त्रिकोटिपरिशुद्धं - राग-द्वेष-मोह-त्रय-परिशुद्धं, अथवा तिस्रः कोटयो हनन-पचन-क्रयणरूपाः कृत-कारितानुमतिभेदेन श्रूयन्ते ताभिः परिशुद्धं, अथवा कष-च्छेद-ताप-कोटि-त्रयपरिशुद्धं, प्रवचनमात्रन्तर्गतत्वात् सकल प्रवचनस्य, तस्य च कष-च्छेद-ताप-परिशुद्धत्वेनाभिधानात्, तदेव च वचनमनुष्ठीयमानं सदृत्तम् ।

साधुसद्वृत्तमेव विशिष्यते - **आद्यन्तमध्ययोगैर्हितदं खल्विति** - आदियोगेन मध्ययोगेनान्तयोगेन वा; वयसो जीवितव्यस्य वा हितदं-उपकारि । अथवा आदियोगेन-प्रथमवयोऽवस्थागतेनाध्ययनादिना, मध्ययोगेन-द्वितीयवयोऽवस्थाभाविनाऽर्थश्रवणादिना, अन्तयोगेन-चरमवयोऽवस्थाभाविना धर्मध्यानादिना भावनाविशेषरूपेण हितदं-हितकारि हितफलमेवेति ॥७॥

: योगदीपिका :

मध्यमबुद्धेर्देशनाविधिमाह - मध्यमेत्यादि । **मध्यमबुद्धेस्त्वीर्यासमिति-प्रभृति**-प्रवचन-मातृरूपं, **तिसृभिः कोटिभी** राग-द्वेष-मोह-लक्षणाभिर्यद्वा कृत-कारितानुमत-

---

દોષરહિત શુદ્ધઆચારોનું પાલન કરવું જોઈએ. આ શુદ્ધ આચારના ઉપદેશમાં ; (૧) સાધુઓના ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાન - નિક્ષેપસમિતિ, પારિષ્ઠાપનિકાસમિતિ, મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિરૂપ અષ્ટપ્રવચન માતાના, ત્રિકોટિ પરિશુદ્ધ પાલનનો તેમજ (૨) આદિમાં, મધ્યમાં અને અંતમાં હિતકારી સદાચારના પાલનનો ઉપદેશ આપવો જોઈએ.

ત્રિકોટિ પરિશુદ્ધ એટલે :-

ત્રિકોટિ એટલે ત્રણ પ્રકાર. ત્રણ પ્રકારવાળી ત્રિકોટી પણ ત્રણ પ્રકારની છે. એનાથી પરિશુદ્ધ અષ્ટપ્રવચનમાતાના સદાચારનું પાલન થવું જોઈએ.

(૧) **પહેલી ત્રિકોટી** :- (અ) રાગ (બ) દ્વેષ અને (ક) મોહ- આ ત્રિકોટિથી પરિશુદ્ધ આચાર; અનુષ્ઠાન એટલે રાગ-દ્વેષ કે મોહના ઉદયવિનાનું અષ્ટપ્રવચનમાતાદિનું પાલન.

(૨) **બીજી ત્રિકોટિ** :- હનન, પચન અને ક્રયણ.

(અ) **હનનઃ** ફળાદિ સચિત્ત વસ્તુને કાપવી, છુંદવી વગેરે.

(બ) **પચન** : અગ્નિ વગેરેના આરંભ-સમારંભથી અનાજ વગેરે રાંધવું.

(ક) **ક્રયણ** : તૈયાર વસ્તુ વેચાતી લાવવી. આ ત્રણ બાબતો સાધુ પોતે કરે નહિ, બીજા પાસે કરાવે નહીં, કોઈએ કર્યું હોય એની અનુમોદના કરે નહીં.

આ ત્રિકોટિના સેવન વગરનું અષ્ટપ્રવચનમાતાનું પાલન કરવું.

(૩) **ત્રીજી ત્રિકોટિ** : (અ) કષ (બ) છેદ અને (ક) તાપ.

આ ત્રણ પ્રકારે જેમ સોનાની પરીક્ષા થાય છે, તેમ અષ્ટપ્રવચનમાતાનું પાલન - સદાચરણ પણ કષ-છેદ અને તાપથી પરિશુદ્ધ હોવું જોઈએ અર્થાત્ આગમવિહિત હોવું જોઈએ. સંપૂર્ણ દ્વાદશાંગી શાસ્ત્રો અષ્ટપ્રવચનમાતામાં અંતર્ગત છે. સંપૂર્ણ દ્વાદશાંગી કષ-છેદ-તાપની પરીક્ષાથી

भेदभिन्न-हनन-पचन-क्रयणरूपाभिः प्रतिषेधव्यापारेण **परिशुद्धम्**। यद्वा तिसृभिः कोटिभिः शास्त्र-स्वर्ण-शोधनकारिणीभिः कष-च्छेद-तापलक्षणाभिः परिशुद्धम्, सर्वस्य शास्त्रस्य प्रवचनमात्रन्तर्भूतत्वात्। **साधुसद्वृत्तं खलु** इति निश्चये **आद्यन्त-मध्य-योगैर्वयोऽवस्थात्रय** - गतैरध्ययनार्थ - श्रवण-धर्म-ध्यानादि-धर्मव्यापारैः। **'आवीलए पवीलए निप्पीलए'** (आचाराङ्गे सम्यक्त्वाध्ययने ४/१३८) इत्यागमात्तद- विरोध्यल्पमध्यमविकृष्टतपोविशेषरूपैर्वा हितदं भवति ॥७॥

अष्टौ साधुभिरनिशं, मातर इव मातरः प्रवचनस्य ।
नियमेन न मोक्तव्याः, परमं कल्याणमिच्छद्भिः ॥८॥

: विवरणम् :

एतदेवाह-अष्टावित्यादि ।

अष्टौ साधुभिरनिशं-प्रवचनस्य मातरो न मोक्तव्या इति सम्बन्धः, ताश्च **मातर इव**, पुत्रस्येति गम्यते, प्रवचनस्य प्रसूतिहेतुत्वेन हितकारित्वेन च मातृत्वमवसेयं, **नियमेन**-अवश्यंभावेन। कीदृक्षैः (कीदृशैः प्र.) साधुभिः ? **परमं कल्याणमिच्छद्भिः**-ऐहलौकिक-पारलौकिक-परमकल्याणकामैः ॥८॥

ततश्च - अष्टावित्यादि । **साधुभिरनिशं** - निरन्तरम् **अष्टौ प्रवचनस्य मातर** - ईर्यासमित्याद्या-श्चारित्रात्मनः प्रसूतिहेतुत्वेन हितकारित्वेन च **मातर**

પરિશુદ્ધ છે. એ દ્વાદશાંગીના આધારે કરવામાં આવતું અષ્ટપ્રવચનમાતાનું પાલન પણ કષ-છેદ અને તાપની પરીક્ષાથી પરિશુદ્ધ કહેવાય.

પુત્રને જન્મ આપનાર માતાની જેમ, ચારિત્રરૂપી પુત્રને જન્મ આપનારી આ અષ્ટપ્રવચનમાતાઓનું પાલન, પરમકલ્યાણને ઇચ્છનારા સાધુઓએ ક્યારેય મૂકી દેવાનું નથી અર્થાત્ પ્રમાદનો ત્યાગ કરી નિરંતર એના પાલનનો પુરુષાર્થ કરતા રહેવાનું છે.

અષ્ટ પ્રવચનમાતાના પાલનરૂપ સદાચાર; આદિમાં, મધ્યમાં અને અંતમાં હિતકારી હોવો જોઈએ એટલે (૧) ઉંમરની (બાલ,યૌવન, વૃદ્ધઅવસ્થામાં) અથવા જીવનની પ્રથમ, મધ્યમ અને અંતિમ અવસ્થામાં હિતકારી અથવા પ્રથમ અવસ્થામાં અધ્યયનાદિ દ્વારા... (૨) ઉંમરની કે જીવનની બીજી મધ્યમ અવસ્થામાં અર્થના શ્રવણ દ્વારા (૩) ઉંમરની કે જીવનની ત્રીજી અંતિમ અવસ્થામાં ધર્મધ્યાન દ્વારા આ અષ્ટપ્રવચનમાતાનું પાલન કરવું, સદાચાર પાળવો એ હિતકારી છે. અથવા આચારાંગસૂત્રના સમ્યક્ત્વ અધ્યયનના ચોથા ઉદ્દેશામાં જણાવ્યા મુજબ અલ્પ, મધ્યમ અને ઉત્કૃષ્ટ તપના આચરણવાળું સાધુ સદ્વૃત્ત હિતકર છે અર્થાત્ સંયમજીવનની શરૂઆતમાં શરીરનું અલ્પદમન, મધ્યમ અવસ્થામાં મધ્યમ (થોડું વધારે) દમન અને અંતમાં ઉત્કૃષ્ટ તપદ્વારા શરીરનું વધારે દમન કરવું. ૭

વળી મધ્યમ બુદ્ધિજીવોને; અધિકારી ગુરુએ એવો - ઉપદેશ આપવો જોઈએ કે, હંમેશ

इव-जनन्य इव, **नियमेन**-अवश्यम्भावेन न मोक्तव्याः । कीदृशैः साधुभिः ? **परमं**-निरुपमं **कल्याणं**-मङ्गलं **इच्छद्भिः** ॥८॥

एतत्सचिवस्य सदा, साधोर्नियमान्न भवभयं भवति ।
भवति च हितमत्यन्तं, फलदं विधिनाऽऽगमग्रहणं ॥९॥

एतच्च समाख्येयम्-एतदित्यादि । **एतत्सचिवस्य**-प्रवचनमातृसहितस्य **सदा**-सर्वकालं **साधोः**-यतेर्**नियमात्**- नियमेन **न भवभयं भवति**- संसारभयं न जायते, निःश्रेयसविषयेच्छा-निष्पत्तेः (विषयास्थानिष्पत्तेरति) **भवति च**-सम्पद्यते च, प्रवचनमातृविधानसम्पन्नस्य **हितं** भाव्यपायपरिहारसारत्वेन **अत्यन्तं**-प्रकर्षवृत्त्या **फलदं**-फलहेतुः **विधिना**-विनयबहुमानादरादिना, **आगमग्रहणं**-वाचनादिरूपेणेति ॥९॥

एतदित्यादि । **एतत्सचिवस्य**-प्रवचनमातृसहितस्य, **सदा**-सर्वकालं **साधोर्नियमान्निश्चयेन न भवभयं भवति**, तद्विरोध्युत्कटनिःश्रेयसास्थानिष्पत्तेः । **भवति च**-सम्पद्यते च प्रवचन- मातृविधानसम्पन्नस्य हितं भाव्यपायव्ययेन, **अत्यन्तं** प्रकर्षवृत्त्या **फलदं**-फलहेतु- विधिना मण्डलीनिषद्यादिरूपेण सूत्रोक्तेन **आगमग्रहणं**-वाचनादिव्यापारेणाधिकारिकर्तृकत्वात्, प्रवचनमातृरहितस्य त्वतथात्वाद् आगमग्रहणं अत्यन्तफलदं न भवति ॥९॥

गुरुपारतन्त्र्यमेव च, तद्बहुमानात्सदाशयानुगतम् ।
परमगुरुप्राप्तेरिह, बीजं तस्माच्च मोक्ष इति ॥१०॥

आगमग्रहणस्य गुर्वधीनत्वात् तद्गतमप्युपदेष्टव्यमित्याह - गुर्वित्यादि ।

गुरुपारतन्त्र्यमेव च-गुर्वायत्तत्वं **तद्बहुमानाद्**-गुरुविषयाऽऽन्तरप्रीतिविशेषात्

અષ્ટપ્રવચનમાતાનું પાલન કરનાર સાધુને નિશ્ચિતપણે સંસારના પરિભ્રમણનો ડર રહેતો નથી. કેમ કે એ સાધુને ભવભ્રમણના ભયની વિરોધી - મોક્ષની ઇચ્છા પ્રગટ થઇ છે અર્થાત્ સાધુ મોક્ષની ઇચ્છાથી અષ્ટપ્રવચનમાતાનું નિરંતર પાલન કરે છે.

અષ્ટપ્રવચનમાતાનું પાલન કરનાર સાધુ, ભવિષ્યમાં આવનાર અપાયો દૂર થવાથી હિતકારી અને ઉત્કૃષ્ટકોટિનું ફળ આપનાર આગમોનું વિધિપૂર્વક ગ્રહણ કરે છે. વિનય, બહુમાન, આદર, માંડલીમાં બેસવું, ગુરુનું આસન પાથરવું વગેરે, આગમ ભણવા માટે શિષ્યે કરવાનો શાસ્ત્રીય વિધિ છે.

અષ્ટપ્રવચનમાતાના પાલન વગરનો સાધુ; આગમ ભણવા માટે અધિકારી ન હોવાથી, એને આગમનું અધ્યયન હિતકારી કે ઉત્કૃષ્ટ ફળ આપનારું બનતું નથી. ૮-૯

આગમગ્રહણનો એટલે કે આગમના અધ્યયન બાબતનો બીજો કેટલોક ઉપદેશ પણ મધ્યમબુદ્ધિજીવોને ગુરુએ આપવો જોઇએ, એ ઉપદેશ નીચે મુજબ છે.

सदाशयानुगतं-सदाशयः 'संसारक्षयहेतुर्गुरुरयं मम' इत्येवंभूतः कुशलपरिणामस्तेनानुगतं गुरुपारतन्त्र्यं, **परमगुरुप्राप्तेरिह**-सर्वज्ञप्राप्ते**र्बीजं** गुरुबहुमानाज्जन्मान्तरे तथाविधपुण्योपादानेन सर्वज्ञदर्शनसम्भवात् गुरुपारतन्त्र्यं सर्वज्ञप्राप्तिबीजं भवति । **तस्माच्च**-एवंविधाद् गुरुपारतन्त्र्यान्मोक्ष इति ॥१०॥

गुर्वित्यादि । **गुरुपारतन्त्र्यमेव च**-गुर्वाज्ञावशवर्त्तित्वमेव च, **तद्बहुमानाद्** गुरुविषयान्तर-प्रीतिविशेषान्न तु विष्टि(विशिष्ट)मात्रज्ञानात् । सदाशयेन-भवक्षयहेतुरयं मे गुरुरित्येवंभूत-शोभनपरिणामेन, न तु जात्यादिसमसम्बन्धज्ञानेन **अनुगतम्** सहितं **परमगुरुप्राप्तेः** सर्वज्ञदर्शनस्य **इह**-जगति **बीजं** गुरुबहुमानात्तथाविधपुण्यसंपत्त्या सर्वज्ञदर्शनसम्भवात् । **तस्माच्च** हेतोः **मोक्ष** इति हेतोर्गुरुपारतन्त्र्यं साधुनाऽवश्यं विधेयमिति सोपस्कारं व्याख्येयम् ॥१०॥

इत्यादि साधुवृत्तं, मध्यमबुद्धेः सदा समाख्येयम् ।
आगमतत्त्वं तु परं, बुधस्य भावप्रधानं तु ॥११॥

पूर्वोक्त एव वस्तुनि सद्वृत्तादौ क्रियासम्बन्धं दर्शयति-इत्यादीत्यादि । **मध्यमबुद्धे**रेवमादि **साधुवृत्तं**-प्रस्तुतं **सदा समाख्येयं**-प्रकाशनीयं, **आगमतत्त्वं तु**-पूर्वोक्तं **परं**-केवलमेव **बुधस्य**-प्राङ्निरूपितस्य **भावप्रधानं तु**-परमार्थसारं समाख्येयमिति ॥११॥

: योगदीपिका :

इत्यादीत्यादि । **इत्याद्युक्तं साधुवृत्तं मध्यमबुद्धेः सदा**-निरन्तरं **समाख्येयं**-प्रकाशनीयम् । **आगमतत्त्वं** तु प्रागुक्तं, **परं** केवलं **बुधस्य भावप्रधानं तु**-परमार्थसारमेव

આગમનું ગ્રહણ-અધ્યયન ગુરુને આધીન છે. તેથી શિષ્યે ગુરુને પરતંત્ર રહેવું જોઈએ. ગુરુનું પારતંત્ર્ય, ગુરુની આજ્ઞાનું આધીનપણું એ પરમગુરુ તીર્થંકરપરમાત્માની પ્રાપ્તિનું બીજ છે અને પરંપરાએ મોક્ષપ્રાપ્તિનું કારણ છે.

આ ગુરુ મહારાજ મારા સંસારક્ષયમાં અનન્ય કારણ છે, આવા આંતરપ્રીતિરૂપ શુભાશયવાળા ગુરુબહુમાનથી - એવું પુણ્ય પ્રાપ્ત થાય છે કે જેથી; જન્માન્તરમાં, સર્વજ્ઞ સર્વદર્શી પરમગુરુ તીર્થંકરપરમાત્માના સાક્ષાત્ દર્શન થાય છે, એમનો ભેટો થાય છે; માટે શિષ્યે અવશ્ય ગુરુને પરતંત્ર રહેવું જોઈએ અને આગમનું અધ્યયન કરવું જોઈએ. ૧૦

મધ્યમબુદ્ધિ જીવોને હંમેશા સાધુના આવા સુંદર આચારોનો ઉપદેશ આપવાનો હોય છે.

(iii) બુધકક્ષાના જીવોને યોગ્ય ધર્મદેશના :

બાલ, મધ્યમ અને બુધકક્ષાના જીવોનાં સ્વરૂપને સારી રીતે જાણનારા ધર્મોપદેશક ગુરુમહારાજે, બુધકક્ષાના જીવોને તો ફક્ત આગમતત્ત્વોનાં રહસ્યોનો જ નીચે મુજબ સારભૂત ઉપદેશ આપવો જોઈએ. ૧૧

समाख्येयम् ॥११॥

वचनाराधनया खलु, धर्मस्तद्बाधया त्वधर्म इति ।
इदमत्र धर्मगुह्यं, सर्वस्वं चैतदेवास्य ॥१२॥

: विवरणम् :

कृतसम्बन्धमेव बुधोपदेशमाह-वचनेत्यादि ।

वचनाराधनया-आगमाराधनयैव, **खलुशब्द** - एवकारार्थः, **धर्मः**-श्रुतचारित्ररूपः सम्पद्यते, **तद्बाधया तु**-वचनबाधया तु **अधर्म इति** । **इदमत्र**-विधिप्रतिषेधरूपं वचनमागमाख्यं **धर्मगुह्यं**-धर्मरहस्यं, **सर्वस्वं चैतदेवास्य**-अस्य धर्मस्य एतद्वचनमेव सर्वस्वं-सर्वसारो वर्त्तते इति ॥१२॥

: योगदीपिका :

प्राप्तसङ्गतिकं बुधस्योपदेश्यमेव स्पष्टमाह-वचनेत्यादि । **वचनाराधनया खलु**-आगमाराधनयैव, **खलुशब्द** एवकारार्थः, **धर्मः** श्रुतचारित्ररूपः सम्पद्यते । **तद्बाधया तु** महाकष्टकारिणोऽप्यधर्म इति हेतोः, **इदं**-विधिनिषेधरूपं वचनं **धर्मगुह्यं**-धर्मरहस्यं **सर्वस्वं**-सर्वसाश्च **एतदेव**-वचनमेव, **अस्य**-धर्मस्य ॥१२॥

यस्मात् प्रवर्त्तकं भुवि, निवर्त्तकं चान्तरात्मनो वचनम् ।
धर्मश्चैतत्संस्थो, मौनीन्द्रं चैतदिह परमम् ॥१३॥

: विवरणम् :

अथ किमर्थं बुधस्यैवमुपदेशः क्रियते सकलानुष्ठानोपसर्ज्जनीभावापादनद्वारेण

આગમની આરાધનાથી કરેલો ધર્મ એટલે કે - વીતરાગપરમાત્માની આજ્ઞા મુજબ કરેલો ધર્મ, એ જ ધર્મ છે. વીતરાગપરમાત્માના વચનને બાધા પહોંચાડી થતો ધર્મ, ગમે તેવો કષ્ટમય હોય તો પણ એ ધર્મ, ધર્મ નથી, અધર્મ છે. એ ધર્મ બે પ્રકારે છે.

(૧) તત્ત્વપરિશીલનરૂપ શ્રુતધર્મ.

(૨) સદનુષ્ઠાનરૂપ ચારિત્રધર્મ.

આ બન્નેય પ્રકારનો ધર્મ આગમના-શાસ્ત્રવચનના અનુસારે થાય તો જ ધર્મ કહેવાય. એટલે વિધિ-પ્રતિષેધરૂપ આગમવચન એ જ ધર્મનું રહસ્ય છે, ધર્મનું સર્વસ્વ છે. ધર્મનો કોઇ સાર હોય તો એ આગમવચન જ છે. ૧૨

અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે-ધર્મનાં સઘળાંય સદનુષ્ઠાનોને ગૌણ કરી, આગમવચનને જ ધર્મનું સર્વસ્વ કેમ કહો છો ?

ઉત્તર આપતાં ગુરુમહારાજ કહે છે : સઘળાંય સદનુષ્ઠાનોનું મૂળ આગમનાં વચનો જ છે. ભવ્યજીવોને સ્વાધ્યાય, ધ્યાન વગેરે સદનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરાવનાર અને હિંસા, જૂઠ વગેરે

इत्याशङ्क्य तन्मूलत्वं सकलानुष्ठानानामुपदर्शयन्नाह-यस्मादित्यादि।

यस्मात् प्रवर्तकं स्वाध्याय-ध्यानादिषु विधेयेषु, **भुवि**-भव्यलोके, **निवर्त्तकं च** हिंसानृतादिभ्यः सकाशाद् **अन्तरात्मनो**-मनसो **वचनम्**-आगमरूपं, **धर्मश्चैतत्संस्थो**-वचनसंस्थो वचने सन्तिष्ठत इतिकृत्वा, **मौनीन्द्रं चैतद्**-वचनम्, **इह**-प्रक्रमे **परमं**-प्रधानं, एतदुक्तम्- *"सर्वज्ञोक्तेन शास्त्रेण, विदित्वा योऽत्र तत्त्वतः।*

न्यायतः क्रियते धर्मः, स धर्मः स च सिद्धये ॥१॥" ॥१३॥

: योगदीपिका :

अथ किमिति सकलानुष्ठानोपसर्जनीभावापादनेन वचनस्यैव प्राधान्यं ख्याप्यत इत्याशङ्कायामाह-यस्मादित्यादि।

यस्मात् प्रवर्त्तकं भुवि-भव्यलोके स्वाध्यायादौ विधेये **निवर्त्तकं च** हिंसादेः **अन्तरात्मनो**-मनसो वचनम्। **धर्मश्च** प्रवृत्ति-निवृत्ति-फलजननव्यापारीभूत एतस्मिन् वचने ज्ञापकतासम्बन्धेन संतिष्ठत इत्येतत्**संस्थः**। **मौनीन्द्रम्** मुनीन्द्रोक्तेनाबाधितप्रामाण्यं चैतद्वचनम् **इह**-प्रक्रमे, **परमम्**- अनुष्ठानानुपजीविप्रामाण्यम्, तत इदमेव प्रधानमुद्घुष्यतेऽनुष्ठानादिकं चैतदुपजीवकत्वेनोपसर्जनीक्रियत इति भावः ॥१३॥

अस्मिन् हृदयस्थे सति, हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति।
हृदयस्थिते च तस्मिन्नियमात् सर्वार्थसंसिद्धिः ॥१४॥

: विवरणम् :

किमेवं वचनमाहात्म्यं ख्याप्यत इत्याह - अस्मिन्नित्यादि।

अस्मिन् - प्रवचने आगमे **हृदयस्थे सति**-हृदयप्रतिष्ठिते सति **हृदयस्थः**-चित्तस्थस्तत्त्वतः-परमार्थेन **मुनीन्द्रः**-सर्वज्ञ **इतिकृत्वा**। **हृदयस्थिते च तस्मिन्**-भगवति

અકર્તવ્યોથી પાછા વાળનાર; કોઇ પણ હોય તો તે આગમનાં વચનો છે. તેથી ધર્મ આગમવચનમાં રહેલો છે. આગમનાં વચનોથી જાણી શકાય એવો છે અને જગતમાં અબાધિત પ્રામાણ્યવાળાં સર્વજ્ઞપ્રણીત આગમવચનો જ શ્રેષ્ઠ છે, પ્રધાન છે, પ્રમાણભૂત છે.

કહ્યું છે કે - સર્વજ્ઞભગવંતે કહેલાં શાસ્ત્રના આધારે વાસ્તવિક ધર્મનું સ્વરૂપ જાણીને વિધિપૂર્વક ધર્મ કરાય તે જ ધર્મ, ધર્મ છે અને તે જ ધર્મ મોક્ષસુખનું કારણ બને છે. ૧૩

આગમવચનનું આટલું બધું માહાત્મ્ય કેમ સ્થાપિત કરાય છે ?

આ આગમનાં વચનો ભવ્યજીવોનાં હૃદયમાં પ્રતિષ્ઠિત થયાં એટલે, વાસ્તવમાં એ વચનને કહેનારા આપ્તપુરુષ સર્વજ્ઞપરમાત્મા જ હૃદયમાં સ્થાપિત થયા છે, એમ સમજવું અને એ રીતે પરમાત્મા હૃદયમાં સ્થાપિત થવાથી નિયમા સર્વ પ્રકારની સિદ્ધિઓ સંપ્રાપ્ત થાય છે. કારણ કે, ભગવાન (ઉત્કૃષ્ટ ચિંતામણિ છે) અચિન્ત્ય ચિંતામણિ છે. આગમવચનનાં બહુમાનદ્વારા

मुनीन्द्रे **नियमान्**-नियमेन **सर्वार्थसंसिद्धिः** - सर्वार्थनिष्पत्तिः ॥१४॥

: योगदीपिका :

वचनस्यैव माहात्म्यमभिष्टौति अस्मिन्नित्यादि ।

अस्मिन्-वचने **हृदयस्थे सति हृदयस्थः**-स्मृतिद्वारा **तत्त्वतो मुनीन्द्रः** स्वतन्त्र-वक्तृत्वरूप-तत्सम्बन्धशालित्वात् । **इतिः** पादसमाप्तौ । **हृदयस्थिते च तस्मिन्** मुनीन्द्रे **नियमान्**- निश्चयेन, सर्वार्थसम्पत्तिर्भवति ॥१४॥

चिन्तामणिः परोऽसौ, तेनैवं(यं) भवति समरसापत्तिः ।
सैषेह योगिमाता, निर्वाणफलप्रदा प्रोक्ता ॥१५॥

: विवरणम् :

किमेवं सर्वप्रयोजनसिद्धिद्वारेण भगवान् संस्तूयत इत्याह-चिन्तामणिरित्यादि ।

चिन्तारत्नं **चिन्तामणिः परः**- प्रकृष्टो **असौ**-भगवान् सर्वज्ञस्तेन भगवता- **एव**मागम-बहुमानद्वारेण **भवति** - जायते **समरसापत्तिः** समतापत्तिः । आगमाभिहित-सर्वज्ञ-स्वरूपोपयोगोपयुक्तस्य तदुपयोगानन्यवृत्तेः परमार्थतः सर्वज्ञरूपत्वाद् बाह्यालम्बनाकारोपरक्तत्वेन मनसः समापत्तिः-ध्यानविशेषरूपा तत्फलभूता वा समरसापत्तिरित्यभिधीयते । यथोक्तं योगशास्त्रे-

"क्षीणवृत्तेराभिजात्यस्येव मणेर्ग्राह्य-ग्रहीतृ-ग्रहणेषु तत्स्थ-तदञ्जनता समापत्तिः" । (पातञ्जलयोगदर्शनसमाधिपादे सूत्रं - २)

सैषेह-प्रस्तुता समापत्तिरभिसम्बध्यते । **योगिमाता**-योगिजननी, योगी चेह सम्यक्त्वादिगुणः पुरुषः, यथोक्तं-

---

વીતરાગપરમાત્માનું બહુમાન થાય છે. ૧૪

આગમવચન અને ચિંતામણિરત્નસમાન વીતરાગપરમાત્માનું બહુમાન કરવાથી સમરસાપત્તિ - (સમભાવ) સમતાપત્તિ અથવા સમાપત્તિયોગની પ્રાપ્તિ થાય છે. આ સમાપત્તિયોગ એ એક પ્રકારનું ધ્યાન છે અથવા ધ્યાનનું ફળ છે. આગમમાં કહેલા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર, અનંતવીર્ય વગેરે અનંતગુણમય પરમાત્માના શુદ્ધસ્વરૂપ સાથે, પોતાના આત્માના શુદ્ધસ્વરૂપની સમાનતા જોઈને, મારો આત્મા પણ પરમાત્મા જેવા શુદ્ધસ્વરૂપવાળો છે. હું પણ આવો ભગવાન છું, પરમાત્મા છું, - આ રીતે થતો પરમાત્મા સાથેનો એકાકાર ઉપયોગ એ જ સમાપત્તિયોગ છે - ધ્યાન છે. સાંખ્યદર્શન (ધર્મ)ના યોગશાસ્ત્રમાં - ચિત્તની ત્રણ વૃત્તિઓ કહી છે. **૧. સાત્ત્વિક ૨. રાજસ અને ૩. તામસ :** આ ત્રણ વૃત્તિઓમાંથી રાજસ અને તામસ વૃત્તિઓ જ્યારે ક્ષય પામે છે ત્યારે માત્ર સાત્ત્વિકવૃત્તિવાળું ચિત્ત ક્ષીણવૃત્તિ કહેવાય છે. ઉત્તમજાતિવાળો મણિ, એની પાસે ધરવામાં આવતાં જાસુદ વગેરે પુષ્પોના લાલ વગેરે રંગને પામે છે; તેમ

सम्यक्त्वज्ञानचारित्र-योगः सद्योग उच्यते ।
एतद्योगाद्धि योगी स्यात्, परमब्रह्मसाधकः ॥१॥

सैव विशिष्यते **निर्वाणफलप्रदा**-निर्वाणकार्यप्रसाधनी **प्रोक्ता**, तद्वेदिभिराचार्यैः ॥१५॥

: योगदीपिका :

यतः चिन्तामणिरित्यादि । **असौ** भगवान् **परः** प्रकृष्टः **चिन्तामणिर्वर्त्तते तेनेयं** सर्वत्र पुरस्क्रियमाणागम-सम्बन्धोद्बोधित-संस्कार-जनित-भगवद्-हृदयस्थता **समरसापत्तिः** समतापत्तिर्भवति, रसशब्दोऽत्र भावार्थः, । भगवत्स्वरूपोपयुक्तस्य तदुपयोगानन्यवृत्तेः (तै. प्र.) परमार्थतस्तद्रूपत्वाद्बाह्यालम्बनाकारेपरक्तत्वेन ध्यानविशेषरूपा तत्फलभूता वा मनसः समापत्तिरभिधीयते । तथोक्तं योगशास्त्रे -

"क्षीणवृत्तेराभिजात्यस्येव मणेर्ग्राह्य-ग्रहीतृ-ग्रहणेषु तत्स्थ-तदञ्जनता समापत्तिः।"

सा च मयि तद्रूपा स एवाहमित्यादिध्यानोल्लिख्यमान-वैज्ञानिक-सम्बन्धविशेष-रूपा। सैव समापत्तिर्**योगिनः** सम्यक्त्वादिगुणपुरुषस्य **माता** जननी **निर्वाणफलप्रदा** च **प्रोक्ता** तद्वेदिभिराचार्यैः ॥१५॥

इति यः कथयति धर्मं, विज्ञायौचित्ययोगमनघमतिः ।
जनयति स एनमतुलं, श्रोतृषु निर्वाणफलदमलम् ॥१६॥

: विवरणम् :

बालादीनां सद्धर्मदेशनाविधिरधिकृतः, तमेव निगमयन्नाह-इतीत्यादि ।

इति यः कथयति धर्मम्-एवमुक्तनीत्या यो गुरुः धर्मं कथयति, **विज्ञाय**-ज्ञात्वा **औचित्ययोगं**-औचित्यव्यापारं तत्सम्बन्धं वा । **अनघमतिः**- निर्दोषबुद्धिः **जनयति स** - गुरुः **एनं**-धर्मं **अतुलम्** - अनन्यसदृशं **श्रोतृषु**-शुश्रूषाप्रवृत्तेषु **निर्वाणफलदं**-मोक्षफलप्रदं **अलम्**-अत्यर्थमिति ॥१६॥

इति आचार्यश्रीमद्यशोभद्रसूरिकृत-षोडशाधिकारविवरणे द्वितीयोऽधिकारः॥

: योगदीपिका :

उपसंहरन्नाह-इतीत्यादि ।

ક્ષીણવૃત્તિવાળા ચિત્તમાં પણ સામે પરમાત્મા વગેરે વિષય સ્થિર થાય છે અને એની સાથે સમાનતા પ્રાપ્ત થાય છે, તેને સમાપત્તિ કહેવાય; એમ કહ્યું છે. સમાપત્તિ ધ્યાન કરનાર સાધક યોગી બને છે. એ યોગી સમ્યક્ત્વાદિ ગુણોથી યુક્ત હોય છે. તેથી સમાપત્તિને, યોગી પુરુષને જન્મ આપનારી માતા કહી છે અને આ સમાપત્તિ (માતા) જ જીવને મોક્ષફળ આપે છે : એમ યોગના

इति-उक्तप्रकारेण **यो गुरुर्धर्मं कथयति विज्ञाय** औचित्येन **योगं**-परिणामं बालादिपरिणामौचित्यमितियावद्, **अनघमतिः** निर्दोषबुद्धिः **जनयति स** गुरुरेनं-धर्मम् **अतुलम्**-अनन्य - सदृशं **श्रोतृषु** शुश्रूषाप्रवृत्तेषु, **निर्वाणफलदम् अलम्**-अत्यर्थम् अवन्ध्य- बीज-वपनसामर्थ्यादिति ज्ञेयम् ॥१६॥

इति न्यायविशारदमहोपाध्यायश्रीमद्-यशोविजयगणिप्रणीत - 'योगदीपिका' व्याख्यायां द्वितीयोऽधिकारः ॥


॥ इति सद्धर्मदेशनाधिकारः ॥

જાણકાર કહે છે. તેથી જ આગમવચનને આટલું મહત્ત્વ અપાય છે. કહ્યું છે કે - સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ જ સદ્યોગ છે. એ સદ્યોગવાળો યોગી કહેવાય છે. જે પરમાત્મપદનો સાધક છે. ૧૫

આ રીતે ધર્મદેશના દાતા જે ગુરુમહારાજ; બાળ-મધ્યમ અને બુધજીવોને એમની તે તે કક્ષા મુજબ ઉચિત ધર્મદેશના આપે છે, તે નિર્દોષ બુદ્ધિવાળા, ભાવદયાના સાગર ગુરુમહારાજ, શ્રોતાઓમાં સુંદરકોટિના તેમજ મોક્ષફળને આપનારા ધર્મને સારી રીતે ઉત્પન્ન કરે છે.

નિર્મળ બુદ્ધિવાળા ગુરુ મહારાજા બાલાદિના પરિણામનો વિચાર કરી, ઔચિત્યપૂર્વક, શાસ્ત્રવિધિ મુજબ ધર્મનો ઉપદેશ આપે છે, તેથી અવશ્ય ભવ્યજીવોમાં ધર્મબીજનું વાવેતર થાય છે. ૧૬

બીજું ષોડશક સમાપ્ત.....



॥ अथ तृतीयः सद्धर्मलक्षणाधिकारः ॥

अस्य स्वलक्षणमिदं, धर्मस्य बुधैः सदैव विज्ञेयम् ।
सर्वागमपरिशुद्धं, यदादिमध्यान्तकल्याणम् ॥१॥

: विवरणम् :

बालादीनां सद्धर्मदेशनाविधिर्गुरोरुक्तः, तत्र धर्मस्वलक्षणाभिधित्सया सम्बन्धमुपरचयति प्रकरणकारः - अस्येत्यादि ।

अस्य-धर्मस्य **स्वलक्षणं**-लक्ष्यते तदितर-व्यावृत्तं वस्त्वनेनेति लक्षणं, स्वं च तल्लक्षणं चेति स्वलक्षणम् । **इदं**-वक्ष्यमाणं **बुधैः**-विद्वद्भिः, **सदैव**-सर्वकालमेव **विज्ञेयम्**, सर्वकालव्याप्त्या लक्षणस्यान्यथात्वाभावमुपदर्शयति **सर्वैरागमैः परिशुद्धं**-निर्दोषं **यदादि-मध्यान्तकल्याणं**-आदिमध्यावसानेषु सुन्दरमिति योऽर्थः ॥१॥

: योगदीपिका :

सद्धर्मदेशनाविधिरुक्तोऽथ धर्मस्यैव स्वलक्षणमभिधित्सुराह-अस्येत्यादि ।

अस्य-धर्मस्य लक्ष्यते तदितरव्यावृत्तं वस्त्वनेनेति लक्षणम्, स्वं च तल्लक्षणं च **स्वलक्षणं** इदं वक्ष्यमाणम्, **बुधैः सदैव विज्ञेयं**, लक्षणस्य कदाप्यपरावृत्तेः, स्वलक्षणं कीदृशं? सर्वैरागमैः परिशुद्धं सामान्यतस्तस्य सार्वतन्त्रिकत्वात्, तथा यत् स्वलक्षणम् **आदिमध्यान्तेषु कल्याण**मन्तरालाप्राप्तेः सदा सुन्दरमित्यर्थः ॥१॥

---

૩ - સદ્ધર્મ સ્વલક્ષણ ષોડશક

બાલાદિ જીવોને ગુરુએ કઇ વિધિથી સદ્ધર્મની દેશના આપવી; તે બીજા ષોડશકમાં કહ્યું. હવે આ ત્રીજા ષોડશકમાં ગ્રંથકાર મહર્ષિ ધર્મનાં લક્ષણનું વર્ણન કરે છે.

ધર્મનું લક્ષણ એટલે ધર્મનું સ્વરૂપ, ધર્મની વ્યાખ્યા.

લક્ષણ એનું નામ કે જેના દ્વારા અભિધેય-લક્ષ્ય (જેની વ્યાખ્યા કરવાની છે તે) વસ્તુ, અન્ય પદાર્થથી જુદી તરી આવે.

(૧) ધર્મનું સ્વરૂપ ત્રિકાલાબાધિત હોવું જોઇએ, અનંતકાળ પૂર્વે ધર્મનું જે સ્વરૂપ હતું ; આજે વર્તમાનમાં જે છે અને ભવિષ્યમાં પણ તે જ હોવું જોઇએ. આથી એ સૂચવ્યું કે - ધર્મનું સ્વરૂપ ક્યારેય પણ બદલાય નહિ. વિદ્વાનોએ પણ એવા જ ધર્મના સ્વરૂપને સ્વીકારવું જોઇએ.

(૨) ધર્મનું સ્વરૂપ સઘળાંય આગમોથી શુદ્ધ હોવું જોઇએ. એક બીજા આગમોનું વિરોધી ન હોવું જોઇએ. એક આગમમાં ધર્મના સ્વરૂપનું જે પ્રતિપાદન કર્યું હોય, બીજા આગમમાં ધર્મના સ્વરૂપનું પ્રતિપાદન તેનાથી વિરુદ્ધ હોય તો એ ધર્મ, સર્વ આગમોથી શુદ્ધ-અવિરુદ્ધ ન કહેવાય.

(૩) ધર્મનું સ્વરૂપ; આદિ, મધ્ય અને અંતમાં સુંદર હોવું જોઇએ, અર્થાત્ કલ્યાણકારી હોવું જોઇએ. આદિમાં એટલે ધર્મ પ્રથમ વયમાં કરે, મધ્યમ એટલે મધ્યમવયમાં કરે કે અંતમાં એટલે

धर्मश्चित्तप्रभवो, यतः क्रियाऽधिकरणाश्रयं कार्यम् ।
मलविगमेनैतत् खलु, पुष्ट्यादिमदेष विज्ञेयः ॥२॥

: विवरणम् :

किं पुनर्धर्मस्य स्वलक्षणमित्याह - धर्म इत्यादि ।

प्रभवत्यस्मादिति प्रभवः, चित्तरूपत्वाच्चित्तहेतुकत्वाच्च चित्तं, स चासौ प्रभवश्च **चित्तप्रभवः** स धर्मो विज्ञेयः, विशेषणसमासाङ्गीकरणाद् यच्छब्देन चित्तमेव परामृष्यते, **यतः**- चित्तात् **क्रिया** प्रवर्त्तते विधिप्रतिषेधविषया, सा च क्रिया कार्यं, चित्तनिष्पाद्यत्वात्। तच्च स्वरूपेण क्रियालक्षणं कार्यं कीदृशं यच्चित्तात्प्रवर्त्तत ? इत्याह - '**अधिकरणाश्रयम्**'। इह यद्यप्यधिकरणशब्दः सामान्येनाऽऽधारवचनस्तथापि प्रक्रमाच्चित्तस्य-अधिकरणम्-आश्रयः शरीरं, चित्तस्य शरीराधारत्वात्, क्रियालक्षणं कार्यमधिकरणाश्रयं-शरीराश्रयं यतः प्रवर्त्तते चित्तात् तच्चित्तं धर्म इत्युक्तम् । चित्तात्प्रभवतीति पुनरुच्यमान- चित्तस्य एतत्पुष्ट्यादिमदित्यनेन सह सम्बन्धो न स्यात्, यत इत्यनेनापि केवलमेव चित्तं न गृह्येत, तथा धर्मस्यैव विशेष्यत्वं स्यान्न चित्तस्य, ततश्च चित्तस्य विशेषणपदैरभिसम्बन्धो न स्यादिति दोषः । **एतदेव**-चित्तं **मलविगमेन**-रागादिमलापगमेन **पुष्ट्यादिमत्**-पुष्टि - शुद्धि - द्वयसमन्वितं, **एष**-धर्मो विज्ञेय इति ॥२॥

કે છેલ્લી વયમાં કરે તો પણ કલ્યાણકારી હોવો જોઈએ અથવા પ્રથમ કક્ષાનો, મધ્યમ કક્ષાનો કે ઉત્કૃષ્ટ કક્ષાનો ધર્મ હોય; એ બધો જ કલ્યાણરૂપ હોવો જોઈએ. ૧.

● **ધર્મનું સ્વરૂપ શું ? ધર્મનું લક્ષણ શું ?**

(૧) चित्तप्रभवो धर्मः મનના પરિણામ વિશેષને ધર્મ કહેવાય. એ પરિણામ વિશેષને ઉત્પન્ન થવામાં ચિત્ત હેતુ છે; માટે એ ચિત્તપ્રભવ (ઉત્પન્ન થનાર) ધર્મ કહેવાય અથવા પરિણામવિશેષવાળું ચિત્ત એ જ ધર્મ.

(૨) यतः क्रियाधिकरणाश्रयं कार्यं ધર્મ એટલે શું ? જે પરિણામવિશેષવાળા ચિત્તથી શાસ્ત્રવિહિત ક્રિયાઓનું આચરણ અને શાસ્ત્રનિષિદ્ધ ક્રિયાના ત્યાગનું કાર્ય, એના અધિકરણ અર્થાત્ આશ્રયરૂપ શરીરદ્વારા થાય છે અને એનું મૂળ કારણ જે પરિણામવિશેષવાળું ચિત્ત છે, તેને ધર્મ કહેવાય.

(૩) પરિણામવિશેષવાળું આ જ મન-ચિત્ત રાગાદિ મળોના ક્ષયથી પુષ્ટિ અને શુદ્ધિવાળું બને એને ધર્મ કહેવાય. ધર્મની આ વ્યાખ્યા, આ લક્ષણ, આ સ્વરૂપ, ત્રીજા ષોડશકના બીજા શ્લોક ઉપરની, પૂ. યશોભદ્રસૂરીશ્વરજી મ.ની ટીકાના આધારે બતાવ્યું છે.

પૂ. મહોપાધ્યાય યશોવિજયજી મ.ની આ શ્લોકની ટીકાના આધારે ધર્મનું સ્વરૂપ નીચે મુજબ સમજાય છે. ૧. ચિત્તના અભિપ્રાય- પરિણામથી થતો ધર્મ એ ધર્મ છે. માત્ર સંમૂર્ચ્છિમજીવોની ક્રિયા જેવી ધર્મક્રિયા એ ધર્મ નથી. કારણ કે, ધર્મથી વિહિતક્રિયાનું આચરણ અને નિષિદ્ધક્રિયાના ત્યાગનો અધિકાર છે અને એના કાર્યરૂપે ભવનિર્વેદાદિ પ્રાપ્ત થવાં જોઈએ.

: योगदीपिका :

किं धर्मस्य स्वलक्षणमित्याह-धर्म इत्यादि । **धर्मश्चित्तप्रभवो**-मानसाकूतजो न तु समूर्च्छनजतुल्यक्रियामात्रं, **यतो** धर्मात् **क्रियाया** विहित-निषिद्धाचरण-त्यागरूपाया **अधिकरण**मधिकार**स्तदाश्रयं कार्यं** भवनिर्वेदादि भवति । **एष** मार्गानुसारी धर्मो लक्ष्यो न त्वभव्यादिगतोऽपि, स च **मलविगमेन पुष्ट्यादिमत्** पुष्टिशुद्धिमदेषः चित्तं विज्ञेयः। लक्षणनिर्देशोऽयम् ॥२॥

रागादयो मलाः खल्वागमसद्योगतो विगम एषाम् ।
तदयं क्रियाऽत एव हि पुष्टिः शुद्धिश्च चित्तस्य ॥३॥

: विवरणम् :

'मलविगमेनैतत् खलु पुष्ट्यादिमदित्युक्तं, तत्र के मलाः ? कथं च पुष्ट्यादिमत्त्वं चित्तस्येत्येवं वक्तुकामनायां श्रोतुरिदमाह - रागादय इत्यादि ।

इह **मलाः** प्रक्रमात् चित्तस्यैव सम्बन्धिनः परिगृह्यन्ते, ते च **रागादयो**-रागद्वेषमोहा जातिसृङ्गृहीताः, व्यक्तिभेदेन तु भूयांसः, **खलु**शब्दस्यावधारणार्थत्वाद्रागादय एव नान्ये। आगमन**मागमः**- सम्यक्परिच्छेदस्तेन **सद्योगः**-सद्व्यापारः आगमसहितो वा यः **सद्योगः** सत्क्रियारूपः, ततः सकाशाद् **विगम एषां**-रागादीनां मलानामपगमः सञ्जायते, **तत्**-तस्माद् **अयम्**-आगमसद्योगः **क्रिया** वर्त्तते, सर्वापि शास्त्रोक्ता विधिप्रतिषेधात्मिका, **अत एव** ह्यागमसद्योगात् क्रियारूपात् **पुष्टिः**-वक्ष्यमाणस्वरूपा **शुद्धिश्च** चित्तस्य सम्भवति ॥३॥

એ ભવનિર્વેદાદિની પ્રાપ્તિ માર્ગાનુસારી જીવોને થાય છે એટલે ધર્મના લક્ષ્ય તરીકે તેઓનો ધર્મ છે. તેથી અભવ્યાદિ જીવોના ધર્મને ધર્મ ન કહેવાય. પરંતુ રાગાદિ મળના વિગમથી પુષ્ટિ અને શુદ્ધિ યુક્ત બનેલા ચિત્તને ધર્મ કહેવાય. ૨

પ્રશ્ન : મળના ક્ષયથી પુષ્ટ્યાદિવાળા ચિત્તને ધર્મ કહ્યો, તો એ મળો કયા છે ? અને ચિત્તની પુષ્ટિ અને શુદ્ધિ શું છે ?

ઉત્તર : રાગ-દ્વેષ-મોહ વગેરે તેમજ તેના અનેક પેટા પ્રકારો એ જ ચિત્તના મળો છે. રાગાદિ મળો (દોષો)ના સચોટ જ્ઞાનપૂર્વકની સત્ક્રિયાઓથી રાગાદિ મળનો નાશ થાય છે અને આગમમાં કહેલી વિધિ - નિષેધરૂપ સત્ક્રિયા દ્વારા રાગાદિ મળોનો નાશ થવાથી ચિત્તની પુષ્ટિ અને શુદ્ધિ થાય છે.

ચિત્તના મળો દૂર કરવાનો ઉપાય **'આગમ-સદ્યોગ'** છે. એમાં -

(૧) **'આગમ'** એટલે જ્ઞાન, ચિત્તના રાગાદિ દોષોને, એની ભયાનકતાને સારી રીતે જાણવી, ઓળખવી, સમજવી.

(૨) **'સદ્યોગ'** એટલે આગમશાસ્ત્રોમાં કહેલી વિધિ - નિષેધના પાલનરૂપ સત્ક્રિયાઓ. આ

: योगदीपिका :

मलविगमेन पुष्ट्यादिमत्त्वं चित्तस्य कथं स्यादित्येतद्विवक्षुराह-रागादय इत्यादि ।

इह मलाश्चित्तस्य **रागादयः खलु** रागद्वेषमोहा एव, **खलुरेवार्थे, एषां** रागादीनां मलानां आगमनं- **आगमः** सम्यक्परिच्छेदः तेन **सद्योगः**- सद्व्यापारः सत्क्रियात्मा ततः [१]सकाशाद्विगमस्ततस्तस्मादयं मलविगमः क्रिया, कारणे कार्योपचाराद्, अत एव सत्क्रियारूपमलविगमात् **पुष्टिःशुद्धिश्च** वक्ष्यमाणा **चित्तस्य** सम्भवति ॥३॥

पुष्टिः पुण्योपचयः, शुद्धिः पापक्षयेण निर्मलता ।
अनुबन्धिनि द्वयेऽस्मिन्, क्रमेण मुक्तिः परा ज्ञेया ॥४॥

: विवरणम् :

पुष्टिशुद्ध्योर्लक्षणं दर्शयति - पुष्टिरित्यादि ।

उपचीयमानपुण्यता **पुष्टि**रभिधीयते, **शुद्धिः पापक्षयेण निर्मलता**-पापं ज्ञानावरणीयादि सम्यग्-ज्ञानादिगुणविघातहेतुघातिकर्मोच्यते, तत्क्षयेण यावती काचिद्देशतोऽपि निर्मलता सम्भवति सा शुद्धिरुच्यते, **अनुबन्धः**-सन्तानः प्रवाहोऽविच्छेद इत्यनर्थान्तरं, स विद्यते यस्य द्वयस्य तदिदमनुबन्धि तस्मिन् पुष्टिशुद्धिद्वयेऽस्मिन्-प्रत्यक्षीकृते सति **क्रमेण**-आनुपूर्व्या पुण्योपचय-पापक्षयाभ्यां प्रवर्द्धमानाभ्यां तस्मिन् जन्मनि भवान्तरेषु वा प्रकृष्यमाणवीर्यस्य **मुक्तिः परा**-तात्त्विकी सर्वकर्मक्षयलक्षणा ज्ञेया इति ॥४॥

१. क्रियात्मनः सद्व्यापारः सत्क्रियात्मनः सकाशात् प्र.

આગમથી અને સદ્યોગથી એટલે કે સમ્યગ્જ્ઞાનપૂર્વકની સમ્યક્ ક્રિયાઓથી રાગાદિ મળોનો નાશ થાય છે અને તે દ્વારા શુદ્ધ બનેલા ચિત્તને ધર્મ કહેવાય. આ રીતે ચિત્ત શુદ્ધ બન્યા પછી એના આધારે વિધિ-નિષેધના પાલનરૂપ ક્રિયાધર્મનું આરાધન થાય છે. તે પછી ચિત્તશુદ્ધિ અને વિધિ-નિષેધના પાલનરૂપ ક્રિયાધર્મનું આરાધન ઉત્તરોત્તર વધતું જાય છે. અહીં ક્રિયાધર્મ, ગૌણધર્મ છે અને તે ક્રિયાધર્મને ઉત્પન્ન કરનાર શુદ્ધચિત્ત એ મુખ્યધર્મ છે.

શુદ્ધ ચિત્તપૂર્વક થતી વિધિ-નિષેધરૂપ ક્રિયાઓનાં ફળરૂપે પુષ્ટિ અને શુદ્ધિ પ્રાપ્ત થાય છે.

કારણમાં કાર્યનો ઉપચાર કરીને સત્ક્રિયાદ્વારા મળના નાશથી થતી ચિત્તશુદ્ધિને-ચિત્તની પુષ્ટિ અને શુદ્ધિને ધર્મ કહ્યો છે. ૩.

તે **પુષ્ટિ** એટલે પુણ્યનો ઉપચય, પુણ્યાનુબંધીપુણ્યની વૃદ્ધિ. **શુદ્ધિ** એટલે પાપના ક્ષયથી થતી નિર્મળતા અર્થાત્ સમ્યગ્જ્ઞાનાદિ વિશિષ્ટ ગુણોના વિઘાતક જ્ઞાનાવરણીયાદિ ઘાતિકર્મના ક્ષયથી થતી આત્માની આંશિક પણ નિર્મળતા, તે શુદ્ધિ કહેવાય. ચિત્તના રાગાદિ મળને ધોવાનું સાધન સમ્યગ્જ્ઞાનપૂર્વક વિધિ-નિષેધના પાલનરૂપ ક્રિયાધર્મ છે અને એ ક્રિયાધર્મથી નિર્મળ

: योगदीपिका :

पुष्टिशुद्ध्योर्लक्षणं फलं चाह-पुष्टिरित्यादि। **पुष्टिः पुण्योपचयः**-प्रवर्द्धमानपुण्ययोगः, **शुद्धिः पापक्षयेण** सम्यग्-ज्ञानादिगुणविघातकघातिकर्मव्यपगमेन **निर्मलता**-यावती काचिद्देशतोऽपि निरुपाधिकता **अस्मिन्** पुष्टिशुद्धिलक्षणद्वये, **अनुबन्धिनि** अविच्छिन्नप्रवाहे सति **क्रमेण**-तत्प्रकर्षप्राप्तिपरिपाट्या तस्मिन् जन्मनि भवान्तरेषु वा प्रकृष्यमाणवीर्यस्य जीवस्य **मुक्तिः परा**-तात्त्विकी सर्वकर्मक्षयलक्षणा ज्ञेया ॥४॥

न प्रणिधानाद्याशयसंविद्व्यतिरेकतोऽनुबन्धि तत्।
भिन्नग्रन्थेर्निर्मलबोधवतः स्यादियं च परा ॥५॥

: विवरणम् :

कथं पुनरिदमनुबन्धिद्वयं न भवतीत्याह - नेत्यादि।

प्रणिधानाद्याशयसंविद्व्यतिरेकत इति-प्रणिधानादयश्च ते आशयाश्च-वक्ष्यमाणाः पञ्चाध्यवसायस्थानविशेषास्तेषां संवित्-संवित्तिः संवेदनमनुभवस्तस्या व्यतिरेकः-अभावस्तस्मात्तदाशयसंविद्व्यतिरेकेण एतद् द्वयं (तद्द्वयं) पुष्टिशुद्धिरूपं **नानुबन्धि** भवति, तस्मादेतद्द्वयमनुबन्धिकर्तुकामेन प्रणिधानादिषु यतितव्यम्। इयं च कस्येत्याह-**भिन्नग्रन्थेः**-अपूर्वकरणबलेन कृतग्रन्थिभेदस्य, तत्प्रभावादेव **निर्मलबोधवतो**-विमलबोधसम्पन्नस्य **स्याद्**- भवेत्, **इयं च**-प्रस्तुता प्रणिधानाद्याशयसंवित् **परा**-प्रधाना ॥५॥

બનેલા ચિત્તથી પાછો, એથી આગળ પ્રગતિવાળો સમ્યગ્જ્ઞાનપૂર્વક વિધિ-નિષેધના પાલનરૂપ ક્રિયાધર્મ પ્રાપ્ત થાય છે. ધર્મની આ વ્યાખ્યામાં ચિત્તશુદ્ધિને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

પુષ્ટિ અને શુદ્ધિ ક્રમશઃ અનુબંધવાળી બને એટલે કે પુણ્યની વૃદ્ધિ અને પાપનો ક્ષય નિરંતર થયા કરે, વચમાં અંતર ન પડે અને ક્રમશઃ વધતાં વધતાં પરાકાષ્ઠાએ પહોંચે તો, ઉત્કૃષ્ટ અધ્યવસાયને સ્પર્શેલા જીવની એ જ ભવમાં કે અન્ય ભવોમાં, સર્વ કર્મના ક્ષયરૂપ - જૈનશાસને કહેલી સર્વકર્મક્ષયરૂપ મુક્તિ થઇ જાય... ઘણા જીવો ધર્મપુરુષાર્થ કરે છે, પણ એમાં પુણ્યની પુષ્ટિ અને આત્માની શુદ્ધિની પરંપરા ચાલતી નથી. એ પુષ્ટિ અને શુદ્ધિ ઘણીવાર વચમાં જ અટકી જાય છે. ધર્મ આરાધનાના પુરુષાર્થમાં પુષ્ટિ અને શુદ્ધિ અખંડ રીતે ચાલવી જોઇએ, ઉપરાંત વધતી જવી જોઇએ; તો જ પરાકાષ્ઠાએ પહોંચેલી પુષ્ટિ અને શુદ્ધિથી જીવની મુક્તિ થાય. ૪.

પ્રશ્ન : પુષ્ટિ અને શુદ્ધિ અનુબંધવાળી કેમ બનતી નથી ?

ઉત્તર : પ્રાથમિક કક્ષાની ચિત્તની શુદ્ધિપૂર્વક થતો વિધિનિષેધરૂપ ક્રિયાધર્મ (૧) પ્રણિધાન, (૨) પ્રવૃત્તિ, (૩) વિઘ્નજય, (૪) સિદ્ધિ અને (૫) વિનિયોગ - આ પાંચ શુભ આશય અધ્યવસાય, શુભભાવના સંવેદન સાથે કરાય તો જ પુષ્ટિ અને શુદ્ધિ અનુબંધવાળી બને. ધર્મના આચરણમાં

: योगदीपिका :

एतद्द्वयानुबन्धसामग्री कस्य न भवतीत्याह-नेत्यादि । **प्रणिधानादयो**-वक्ष्यमाणा **आशया** अध्यवसायस्थानविशेषास्तेषां **संविदनुभूतिस्तस्याः व्यतिरेकतो**ऽभावात् एतत् (**तत्**) पुष्टिशुद्धिद्वयं **अनुबन्धि** न भवति। तस्मादियं एतदनुबन्धसामग्री, इयं च **भिन्नग्रन्थेः** अपूर्वकरणेन कृतग्रन्थिभेदस्य तन्महिम्नैव **निर्मलबोधवतः परा**- प्रधाना स्यात् ॥५॥

प्रणिधि-प्रवृत्ति-विघ्नजय-सिद्धि-विनियोग-भेदतः प्रायः ।
धर्मज्ञैराख्यातः, शुभाशयः पञ्चधाऽत्र विधौ ॥६॥

: विवरणम् :

प्रणिधानादिराशय उक्तः, तमेव संख्याविशिष्टं नामग्राहमाह - प्रणिधीत्यादि ।

प्रणिधिश्च प्रवृत्तिश्च विघ्नजयश्च सिद्धिश्च विनियोगश्च एत एव भेदाः तानाश्रित्य, कर्मणि ल्यब्लोपे पञ्चमी, **प्रणिधि-प्रवृत्ति-विघ्नजय-सिद्धि-विनियोग-भेदतः** । **प्राय** इति प्राचुर्येण, शास्त्रेषु **धर्मज्ञैः**- धर्मवेदिभिः **आख्यातः**-कथितः **शुभाशयः**-शुभपरिणामः **पञ्चधा** पञ्चप्रकारः **अत्र**-प्रक्रमे **विधौ**-कर्त्तव्योपदेशे, प्रतिपादिताशय- पञ्चकव्यतिरेकेण पुष्टिशुद्धिलक्षणं द्वयमनुबन्धि न भवतीति ॥६॥

: योगदीपिका :

प्रणिधानादिभेदानेवाह-प्रणिधीत्यादि । प्रणिधिश्च प्रवृत्तिश्च विघ्नजयश्च सिद्धिश्च विनियोगश्च ते एव भेदास्तानाश्रित्य, **प्रायः** प्राचुर्येण शास्त्रेषु **धर्मज्ञैः शुभाशयः पञ्चधा** ख्यातो **अत्र**-पुष्टिशुद्ध्यनुबन्धप्रक्रमे **विधौ**-विहिताचारे ॥६॥

प्रणिधानं तत्समये, स्थितिमत् तदधः कृपानुगं चैव ।
निरवद्यवस्तुविषयं, परार्थ-निष्पत्तिसारं च ॥७॥

પ્રણિધાનાદિ આશય વગર પુષ્ટિ-શુદ્ધિ અનુબંધવાળી થઇ શકતી નથી. આ પ્રણિધાનાદિ પાંચ આશયોનું સંવેદન અપૂર્વકરણના અધ્યવસાયથી ગ્રંથિભેદ કરનારા (સમ્યગ્દૃષ્ટિ) અને એથી નિર્મળ બોધવાળા બનેલા જીવને જ થાય છે. ધર્મજ્ઞ પુરુષોએ -ધર્મશાસ્ત્રોમાં પુષ્ટિ-શુદ્ધિને અનુબંધી બનાવનારા શુભ આશયો પ્રાયઃ કરીને પ્રણિધાનાદિ કહ્યા છે, તેનું સ્વરૂપ ક્રમશઃ નીચે મુજબ છે. ૫/૬.

(1) પ્રણિધાન આશયનું સ્વરૂપ :

પ્રણિધાન એટલે સંકલ્પ; પ્રણિધાન આશયની ચાર વિશેષતા છે.

(૧) જીવને અહિંસા, પરમાત્મભક્તિ વગેરે જે જે ધર્મસ્થાન - ધર્માનુષ્ઠાનો કરવાનો વિચાર થાય, ભાવ જાગે એ વિચારો સ્થિર હોવા જોઈએ, દૃઢ

: विवरणम् :

तत्र प्रणिधानलक्षणमाह- प्रणिधानमित्यादि ।

प्रणिधानं , विशेष्यं शेषपदानि विशेषणानि, **तत्समये**-प्रतिपन्नविवक्षितधर्मस्थानमर्यादायां **स्थितिमत्**-प्रतिष्ठितं अविचलितस्वभावं **तदधः कृपानुगं चैव**-स्वप्रतिपन्नधर्मस्थानस्याधः-अधस्ताद् ये वर्तन्ते जीवाः, न तावतीं धर्मपदवीमाराधयन्ति, तेषु **कृपया**-करुणया **अनुगं**-अनुगतं तेषु करुणापरं, न तु हीनगुणत्वात्तेषु द्वेषसमन्वितं, **निरवद्यवस्तुविषयं**-निरवद्यं सावद्यपरिहारेण यद्वस्तु धर्मगतं तद् विषयो यस्य, **परार्थनिष्पत्तिसारं च**-परोपकारनिष्पत्ति-प्रधानं च, एवंस्वरूपं प्रणिधानमवसेयम् ॥७॥

: योगदीपिका :

तत्र प्रणिधानलक्षणमाह - प्रणिधानमित्यादि । **प्रणिधानं** तद्-यत् **तत्समये**ऽधिकृतधर्मस्थानप्रतिज्ञासमये **स्थितिमत्**-तत्सिद्धिं यावन्नियमित्त प्रतिष्ठं संस्कारात्मनाऽविचलितस्वभावं च, तदधः - स्वप्रतिपन्न-धर्मस्थानादधस्तन गुणस्थानवर्तिजीवेषु **कृपानुगं** करुणानुयायि चैव, न तु हीनगुणत्वात्तेषु द्वेषान्वितं च, पुनः **परार्थनिष्पत्तिसारं** परोपकारसिद्धिप्रधानं, सर्वस्या अपि सतां प्रवृत्तेरुपसर्जनी- कृतस्वार्थ-प्रधानीकृत-परार्थत्वात्, **निरवद्यं** यद्वस्तु अधिकृत- धर्मस्थान-सिद्ध्यनुकूलं प्रतिदिनकर्त्तव्यं **तद्विषयम्**-तद्विषयध्यानम् ॥७॥

तत्रैव तु प्रवृत्तिः, शुभसारोपायसङ्गताऽत्यन्तम् ।
अधिकृतयत्नातिशयादौत्सुक्यविवर्जिता चैव ॥८॥

હોવા જોઈએ. એનાથી મન ચલાયમાન ન થવું જોઈએ.

(૨) પોતાનાથી નીચેના ગુણસ્થાનકની - નીચેની કક્ષાની ધર્મઆરાધના કરનાર જીવો ઉપર ચિત્ત કરુણાવાળું હોવું જોઈએ, દ્વેષવાળું ન હોવું જોઈએ.

(૩) પ્રણિધાન, સાવદ્ય વિચાર કે પાપ વ્યાપારના પરિહારવાળું અને નિરવદ્ય નિષ્પાપ વસ્તુના વિચારવાળું - ધર્મમય હોવું જોઈએ.

(૪) આરાધકનું મન, પોતાની આરાધના સાથે પોતાનો સ્વાર્થ ગૌણ કરી પરોપકારની પ્રધાનવૃત્તિવાળું હોવું જોઈએ. પ્રણિધાન નામના આશયની આ ચાર વિશેષતા છે. ૭.

(2) પ્રવૃત્તિ આશયનું સ્વરૂપ :

પ્રણિધાનરૂપે જે ધર્મસ્થાનનો સ્વીકાર કર્યો, જે ધર્માનુષ્ઠાન આરાધવાનો સંકલ્પ કર્યો એમાં પ્રવૃત્તિ નામનો બીજો આશય પણ ભળવો જોઈએ. તે પ્રવૃત્તિ નામનો આશય નીચે મુજબ છે.

(૧) પ્રવૃત્તિ નામનો આશય બાહ્ય ક્રિયારૂપ નથી પણ અંદરના આશયરૂપ છે.

: विवरणम् :

इदानीं प्रवृत्तिमाह - तत्रेत्यादि ।

तत्रैव तु-विवक्षितप्रतिपन्नधर्मस्थाने **प्रवृत्तिरेवंस्वरूपा** भवति, सा च न क्रियारूपा, किन्त्वाशयरूपा, **शुभसारोपायसङ्गताऽत्यन्तं**, बाह्यक्रियाद्वारेण विशेषणं सर्वं योजनीयं, शुभः-सुन्दरः, सारः-प्रकृष्टो नैपुण्यान्वितो य उपायस्तेन सङ्गता-युक्ता, **अधिकृते** धर्मस्थाने **यत्नातिशयः**-प्रयत्नातिशयस्तस्मात्सा सम्पद्यते, **औत्सुक्यविवर्जिता चैव**, औत्सुक्यं-त्वराऽभिलाषातिरेकस्तेन विवर्जिता विरहिता, प्रयत्नातिशयमेव विधत्ते, न त्वौत्सुक्यमिति भावः ॥८॥

: योगदीपिका :

प्रवृत्तिं लक्षयति - तत्रेत्यादि ।

तत्रैव अधिकृतधर्मस्थान एवोद्देश्यत्वाख्यविषयतया या **प्रवृत्तिः**, **शुभः**- सुन्दरः **सारो** नैपुण्यान्वितो यः **उपायः** प्रेक्षोत्प्रेक्षादिस्तेन-**सङ्गता** साध्यत्वाख्य-विषयतया तत्सम्बद्धाऽधिकृते धर्मस्थाने यो यत्नातिशयः- अप्रमाद-भावना-जनितो विजातीयः प्रयत्नः तस्माद्, **औत्सुक्यम्**-अकाले फलवाञ्छा तेन विवर्जिता चैव, अकालौत्सुक्यस्य तत्त्वत आर्त्तध्यानरूपत्वात् । स हेतुस्वरूपानुबन्धशुद्धः प्रवृत्त्याशयो ज्ञेयः, कथञ्चित्क्रिया-रूपत्वेऽप्यस्य कथञ्चिदाशयरूपत्वात् ॥८॥

યોગદીપિકા ટીકાના આધારે કથંચિત્ ક્રિયારૂપ પણ છે. કથંચિત્ ક્રિયારૂપ હોવાથી બાહ્યક્રિયા દ્વારા સુંદર, શ્રેષ્ઠ અને નિપુણતાવાળો પ્રવૃત્તિ આશય હોવો જોઈએ. દા.ત. અહિંસાના પાલન માટે પ્રેક્ષાસંયમ, ઉત્પ્રેક્ષાસંયમ, ગમનાગમનાદિ સમિતિના પાલનરૂપ ઉપાયવાળો હોવો જોઈએ.

(૨) વળી આ આશય અપ્રમત્તભાવના કારણે શ્રેષ્ઠકોટિના પ્રયત્નવાળો અર્થાત્ ભાવોલ્લાસપૂર્વકનો હોવો જોઈએ. એના કારણે પ્રવૃત્તિ સુંદર, શ્રેષ્ઠ અને નિપુણતાવાળી બને.

(૩) પ્રવૃત્તિ નામનો આશય ઉતાવળથી ક્રિયા કરી નાખવાની ઉત્સુકતા વિનાનો અને સાધનાના કાળમાં ફળની ઇચ્છા-ઉત્સુકતા વિનાનો જોઈએ. અકાળે જન્મતી ઉત્સુકતા વાસ્તવમાં આર્તધ્યાનરૂપ છે, માટે એ ઉત્સુકતા ન હોવી જોઈએ.

(૪) વળી આ પ્રવૃત્તિ નામનો આશય **હેતુશુદ્ધ, સ્વરૂપશુદ્ધ** અને **અનુબંધશુદ્ધ** હોવો જોઈએ.

હેતુશુદ્ધમાં ઉદ્દેશ કે ઉપાય મલિન ન હોવો જોઈએ. સ્વરૂપશુદ્ધમાં તે ધર્મસ્થાનનો પ્રયત્ન, ધર્મસ્થાનના સ્વરૂપનો ઘાતક ન થવો જોઈએ. અનુબંધશુદ્ધમાં ધર્મસ્થાન (યોગ) ની આરાધનાના

विघ्नजयस्त्रिविधः खलु, विज्ञेयो हीनमध्यमोत्कृष्टः ।
मार्ग इह कण्टकज्वरमोहजयसमः प्रवृत्तिफलः ॥९॥

: विवरणम् :

अधुना विघ्नजयमाह - विघ्नेत्यादि । **विघ्नजयस्त्रिविधः खलु विज्ञेय** इति, विघ्नस्य-धर्मान्तरायस्य *जयः-पराभवो निराकरणम् । स त्रिविधः तिस्रो विधा अस्येति* त्रिविधः- त्रिभेदः, खलुशब्दो वाक्यालङ्कारे, त्रैविध्यमेवाह-**हीनमध्यमोत्कृष्टः** - हीनमध्यमाभ्यां सहि त उत्कृष्टः, एको हीनो विघ्नजयो अपरो मध्यमोऽपरस्तूत्कृष्ट इति। त्रैविध्यमेव निदर्शनेन साधर्म्यगर्भमाह-**मार्ग इह कण्टक-ज्वर-मोहजयसम इति**, मार्गे प्रवृत्तस्य पुंसः कण्टकविघ्नजयसमो ज्वरविघ्नजयसमो मोहविघ्न-जयसमः ।

इदमत्र तात्पर्यं-यथा नाम कस्यचित्पुरुषस्य प्रयोजनवशान्मार्गप्रवृत्तस्य कण्टकाकीर्ण-मार्गावतीर्णस्य कण्टक-विघ्नो विशिष्टगमनविघातहेतुर्भवति, तद्रहिते तु पथि प्रवृत्तस्य गमनं निराकुलं सञ्जायते, एवं कण्टकविघ्नजयसमः प्रथमो विघ्नजयः । कण्टकाश्चेह सर्व एव प्रतिकूलाः शीतोष्णादयो धर्मस्थानविघ्नहेतवः, तैरभिद्रुतस्य धर्मार्थिनोऽपि निराकुल-प्रवृत्त्यसिद्धेः, आशयभेदश्चायं बाह्यकण्टकविघ्नजयेनोपलक्ष्यते।

तथा तस्यैव ज्वरवेदनाभिभूतशरीरस्य विह्वलपादन्यासस्य निराकुलं गमनं चिकीर्षोरपि कर्तुमशक्नुवतः कण्टक-विघ्नादभ्यधिको ज्वरविघ्नः । तज्जयस्तु विशिष्टगमन-प्रवृत्तिहेतुर्निराकुलशरीरत्वेन परिदृश्यते । इहापि ज्वरकल्पां शारीरा एव रोगाः परिगृह्यन्ते तदभिभूतस्य विशिष्टधर्मस्थानाराधनाऽक्षमत्वात् । ज्वरकल्पशरीरदुःखविघ्नजयस्तु सम्यग्धर्मस्थानाराधनाय प्रभवति ।

પ્રયત્નથી એવા ઊંડા સંસ્કાર પડે કે જેથી સાધ્યની સિદ્ધિ સુધી એ પ્રયત્નોની ધારા નિરંતર ચાલુ રહે. ૮.

(3) વિઘ્નજય આશયનું સ્વરૂપ :

ધર્મઆરાધનામાં અંતરાયરૂપ બનતાં (૧) જઘન્ય (૨) મધ્યમ અને (૩) ઉત્કૃષ્ટ : આ ત્રણ પ્રકારનાં વિઘ્નોનો જય કરવો. વિઘ્નોને જીતી મોક્ષના માર્ગમાં અવિરત પ્રયાણ ચાલુ રાખવું. જેમ પ્રવાસીને મુસાફરીમાં (૧) પગે કાંટો વાગવાનું (૨) તાવનું અને (૩) દિશાભૂલનું વિઘ્ન નડે છે. જેથી સુખપૂર્વક મુસાફરી કરી ઈષ્ટ સ્થાને પહોંચી શકાતું નથી; તેમ મોક્ષના માર્ગે, ધર્મઆરાધનામાં કાંટો વાગ્યા જેવું પહેલું જઘન્ય વિઘ્ન; શીત, ઉષ્ણ વગેરે સઘળા ય પ્રતિકૂળ પરીષહો છે. એનાથી પરાભવ પામેલો ધર્મનો અર્થી જીવ પણ નિરાકુલપણે ધર્મપ્રવૃત્તિ કરી શકતો નથી. પરીષહોને સારી રીતે સહન કરવાથી આ વિઘ્નનો જય થઈ શકે.

तस्यैवाध्वनि जिगमिषोः पुरुषस्य दिङ्मोहकल्पो मोहविघ्नस्तेनाभिभूतस्य पुनः पुनः प्रेर्यमाणस्याप्यध्वनीनैर्न गमनोत्साहः कथञ्चित्प्रादुर्भवति, मोहविघ्नजयस्तु स्वयमेव मार्गसम्यक्परिज्ञानात् पश्चोच्यमानमार्गश्रद्धानान् मन्दोत्साहतापरित्यागेन गमनप्रवृत्तिहेतुर्भवति। इहापि दिङ्मोहगमनविघ्नकल्पो मिथ्यात्वादिजनितो मनोविभ्रमः परिगृह्यते, तज्जयस्तु मिथ्यात्वादिदोषनिराकरणद्वारेण मनोविभ्रमापसारकत्वेन प्रस्तुतधर्ममार्गेऽनवरतप्रयाणक-प्रवृत्त्या गमनाय सम्पद्यते।

एवं कण्टक-ज्वर-मोहविघ्नजयसमः त्रिविधो विघ्नजय उक्तः, स एव विशिष्यते- **'प्रवृत्तिफलः'** प्रवृत्तिः धर्मस्थानविषया फलमस्याशयविशेषस्य विघ्नजयसंज्ञितस्येति प्रवृत्तिफलः ॥९॥

: योगदीपिका :

